અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ ઓક્ટોબર ૨૦૨૩, સોમવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ બીજ

વર્ષ : ૧૫
અંક : ૯૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## વડાપ્રધાન મોદીએ દિવાળી પહેલાં વોકલ ફોર લોકલ પર મુક્યો ભાર

### જ્યારે પણ તમે પર્યટન અથવા તીર્થયાત્રા પર જાઓ છો, ત્યારે તમારે સ્થાનિક કલાકારો દ્વારા બનાવેલી વસ્તુઓ અવશ્ય ખરીદવી જોઈએ : નરેન્દ્ર મોદી

। નવી દિલ્હી, તા.૨૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મન કી બાત કરી હતી. આજે મન કી બાતનો ૧૦૬મો એપિસોડ પ્રસારિત કરવામાં આવ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે આ એપિસોડ એવા સમયે બની રહ્યો છે જ્યારે સમગ્ર દેશમાં તહેવારો માટે ઉત્સાહ છે. આગામી તમામ તહેવારો માટે આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન. આ મહિનાની શરૂઆતમાં ગાંધી જયંતિના અવસર પર દિલ્હીમાં ખાદીનું રેકોર્ડ વેચાણ થયું હતું. તહેવારોના આ ઉમંગની વચ્ચે, દિલ્લીના એક સમાચારથી જ હું મન કી બાતની શરૂઆત કરવા માંગું છું. આ મહિનાની શરૂઆતમાં ગાંધી જયંતિના અવસર પર દિલ્લીમાં ખાદીનું વિક્રમજનક વેચાણ થયું. અહીં કોનોટ પ્લેસમાં, એક જ ખાદી સ્ટોરમાં, એક જ દિવસમાં, દોઢ કરોડથી વધુ રૂપિયાનો સામાન લોકોએ ખરીદ્યો. આ મહિને ચાલી રહેલા ખાદી મહોત્સવે ફરી એક વાર વેચાણના પોતાના બધા જ જૂના વિક્રમો તોડી નાંખ્યા છે. તમને એક બીજી વાત જાણીને પણ સારૂં લાગશે, ૧૦ વર્ષ પહેલાં દેશમાં જ્યાં ખાદી ઉત્પાદનોનું વેચાણ ખૂબ મુશ્કેલીથી ૩૦ હજાર કરોડ રૂપિયાથી પણ ઓછું હતું, હવે તે વધીને સવા લાખ કરોડ રૂપિયાની આસપાસ પહોંચી રહ્યું છે. ખાદીનું વેચાણ વધવાનો અર્થ છે, તેનો ફાયદો શહેરથી લઈ ગામ સુધીમાં અલગ-અલગ વર્ગો સુધી પહોંચે છે. આ વેચાણનો લાભ આપણા વણકરો, હસ્તશિલ્પના કારીગરો, આપણા ખેડૂતો, આયુર્વેદિક છોડ લગાવનારા કુટિર ઉદ્યોગ બધાને મળી રહ્યો છે, અને આ જ તો 'વોકલ ફોર લોકલ' અભિયાનની તાકાત છે અને ધીરેધીરે આપ સહુ દેશવાસીઓનું સમર્થન પણ વધતું જઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ખાદીના વેચાણમાં વધારો કરવાનો અર્થ એ છે કે તેનો લાભ શહેરથી ગામડા સુધી વિવિધ વર્ગો સુધી પહોંચે છે. આપણા વણકરો, હસ્તકલાના કારીગરો, આપણા ખેડૂતો, આયુર્વેદિક છોડ રોપતા કુટીર ઉદ્યોગો, દરેકને આ વેચાણનો લાભ મળી રહ્યો છે અને આ વોકલ ફોર લોકલ ઝુંબેશની તાકાત છે અને ધીમે ધીમે આપ સૌ દેશવાસીઓનું સમર્થન પણ વધી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે પણ તમે પર્યટન અથવા તીર્થયાત્રા પર જાઓ છો, ત્યારે તમારે સ્થાનિક કલાકારો દ્વારા બનાવેલી વસ્તુઓ અવશ્ય ખરીદવી જોઈએ. દર વખતની જેમ આ વખતે પણ આપણા તહેવારોમાં આપણી પ્રાથમિકતા 'વોકલ ફોર લોકલ' હોવી જોઈએ અને સાથે મળીને આપણે આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર કરીએ. આ વખતે એવી પ્રોડક્ટથી ઘરને રોશની કરો કે જેમાં મારા દેશવાસીઓના પરસેવાની ગંધ હોય, મારા દેશના કેટલાક યુવાનોની પ્રતિભા હોય, તેના નિર્માણમાં મારા દેશવાસીઓને રોજગારી મળી હોય, રોજિંદા જીવનની જે પણ જરૂરિયાત હોય.

## ન્યૂઝ બ્રિફ

### વડાપ્રધાન મોદીની અંબાજીની મુલાકાતને લઈ ચૂસ્ત બંદોબસ્ત



। અંબાજી, તા.૨૯ ।

સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવનાર છે. તારીખ ૩૦ અને ૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન મોદી ગુજરાત પ્રવાસે આવનાર છે. સોમવારે અમદાવાદ પહોંચીને વડાપ્રધાન મોદી સીધા જ અંબાજી પહોંચશે. જ્યાં પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરના દર્શન કરશે. ૧ કરોડ રુપિયાના ખર્ચે તૈયાર કરેલ શ્રી યંત્રનુ લોકાર્પણ કરશે. ત્યારબાદ વડાપ્રધાન મહેસાણા

### બનાસકાંઠાના છાપીમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ

। બનાસકાંઠા, તા.૨૯ ।

બનાસકાંઠા જિલ્લાના છાપીમાં ઈઝરાયેલ બોયકોટના પોસ્ટર લગાડવામાં આવ્યા છે. અજાણ્યા લોકોએ શાંતિ ડહોળવા માટે થઈને આ વિવાદીત પોસ્ટર લગાવ્યા હોવાનુ પ્રાથમિક રીતે લાગ્યા છે. વડગામ તાલુકાના છાપી વિસ્તારમાં આ વિવાદીત પોસ્ટર લગાડવામાં આવ્યા છે. ઈઝરાયેલ વિરુદ્ધના આ પોસ્ટર લાગવાને પગલે હવે પોલીસે તપાસ શરુ કરી છે. પોલીસ હાલ તો આ પોસ્ટર દૂર કરી દઈને તેને ચીપકાવનારા લોકોની શોધખોળ શરુ કરી છે. પોલીસે આ માટે આસપાસના વિસ્તારના CCTV સહિત ટેક્નીકલ સર્વેલન્સ આધારે તપાસ શરુ કરી છે.

### ત્રીજો દેશ બન્યો ભારત

## સ્વીડન અને US પછી ભારતને મળ્યું 6G સંશોધન-વિકાસ કેન્દ્ર

### સ્વીડિશ ટેલિકોમ ગિયર નિર્માતા એરિક્સને ચેન્નાઈમાં 6G સંશોધન અને વિકાસ કેન્દ્ર સ્થાપવાની જાહેરાત કરી

। નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતમાં આ R&D કેન્દ્ર એક નાનું એકમ છે જે મોટું બનશે. દુનિયામાં આપણી પાસે માત્ર ત્રણ જ છે. એક સ્વીડનમાં, બીજો અમેરિકા અને ત્રીજો ભારતમાં. તેઓ બધા 6G-આધારિત સંશોધનમાં સહયોગ કરી રહ્યા છે, નુન્ઝીયો મિર્તિલોએ, માર્કેટ એરિયા દક્ષિણપૂર્વ એશિયા, ઓસેનિયા અને ભારતના વડા, એરિક્સન, ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં જણાવ્યું હતું. એરિક્સનની હરીફ નોકિયાએ લગભગ બે અઠવાડિયા પહેલા બેંગલુરુમાં 6G લેબની સ્થાપના કરી છે. 6G ટેક્નોલોજી હેઠળ સાર્વત્રિક કવરેજના ભારતના વિઝનને યુએન બોડી ITUના અભ્યાસ જૂથ દ્વારા જીનીવામાં યોજાયેલી તેની મીટિંગમાં સ્વીકારવામાં આવ્યું છે, આ એક પગલું જે આગામી પેઢીની ટેક્નોલૉજીના ખર્ચને ઘટાડવાની અપેક્ષા છે. ITU આંતરરાષ્ટ્રીય મોબાઈલ ટેલિકોમ્યુનિકેશન ધોરણો વિકસાવવા માટે જવાબદાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ૨૦૨૩માં તેમના ઉદ્ઘાટન સંબોધન દરમિયાન જણાવ્યું હતું કે ભારત દેશમાં માત્ર 5G નેટવર્કનું વિસ્તરણ કરી રહ્યું નથી પરંતુ ૬૨ ટેકનોલોજીમાં પણ આગેવાની લેશે. Nunzio જણાવ્યું હતું કે એરિક્સન R&D પર દર વર્ષે ૪-૫ બિલિયન US ડોલર ખર્ચે છે અને ભારત તેનો એક ભાગ છે. એરિક્સનના ભારતમાં ચેન્નાઈ, બેંગલુરુ અને ગુડગાંવમાં ત્રણ R&D કેન્દ્રો છે. Ericsson એક 6G નેટવર્ક પ્લેટફોર્મની કલ્પના કરે છે જે મનુષ્યો અને મશીનોને જોડે છે અને એકીકૃત ક્રિયાપ્રતિક્રિયાઓ અને ઈમર્સિવ અનુભવોને મંજૂરી આપવા માટે ભૌતિક અને ડિજિટલ વિશ્વને સંપૂર્ણપણે મર્જ કરવામાં સક્ષમ છે.

### નેતન્યાહૂએ કહ્યું આ બીજો સ્વતંત્રતા સંગ્રામ

## યુદ્ધ એક નવા તબક્કામાં પ્રવેશ્યું ગયું છે : નેતન્યાહુ

। જેરૂસાલેમ, તા.૨૯ ।

ઈઝરાયેલનું કહેવું છે કે ગાઝામાં તેના ગ્રાઉન્ડ ઓપરેશનનો વિસ્તાર કર્યા બાદ હમાસ સાથે યુદ્ધનો આગામી તબક્કો શરૂ થઈ ગયો છે. એક ટેલિવિઝન ભાષણમાં, પીએમ બેન્જામિન નેતન્યાહુએ રાષ્ટ્રને કહ્યું કે યુદ્ધ એક નવા તબક્કામાં પ્રવેશ્યું છે અને આ દેશની 'સ્વતંત્રતાનું બીજું યુદ્ધ' છે. અમારા લક્ષ્યો સ્પષ્ટ છે - હમાસના શાસન અને લશ્કરી ક્ષમતાઓને નષ્ટ કરવી અને બંધકોને ઘરે પાછા લાવવા.' જોકે, નેતન્યાહૂ અહીં ૧૯૪૮ના આરબ-ઈઝરાયેલ યુદ્ધનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેને પ્રથમ આરબ-ઈઝરાયેલ યુદ્ધ તરીકે પણ ઓળખવામાં આવે છે. આને આરબો અને ઈઝરાયેલ વચ્ચેના પ્રથમ મોટા હિંસક



મુકાબલો તરીકે જોવામાં આવે છે. આ યુદ્ધના નિર્ણયોની ઐતિહાસિક અસર સાબિત થઈ. જાણો આ યુદ્ધની કહાની- ૨૯ નવેમ્બર, ૧૯૪૭ના રોજ, યુનાઈટેડ નેશન્સ (UN) એ પેલેસ્ટાઈનના બ્રિટિશ શાસનને યહૂદી રાજ્ય અને આરબ રાજ્યમાં વિભાજીત કરવા માટે મત આપ્યો. આ ઘોષણાથી પેલેસ્ટાઈનમાં યહૂદીઓ અને આરબો વચ્ચે અથડામણ થઈ હતી.

### પ્રતિબંધિત ૧૨ ટન પ્લાસ્ટિક જપ્ત કરી 3 એકમ સીલ કરાયા

। અમદાવાદ, તા.૨૯ ।

શહેરમાં જાહેર રસ્તા પર ગંદકી અને ન્યુસન્સ કરતા ધંધાકીય એકમો પર એએમસી સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા તવાઈ બોલાવવામાં આવી છે. જાહેર માર્ગો પર ગંદકી, ન્યુસન્સ કરતાં ધંધાકીય એકમો તેમજ શાકભાજી વેચતા ફેરિયા, પાનના ગલ્લા, ચાની કિટલી, પેપર કપ, પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ, વેચાણ, સંગ્રહ અને ઉત્પાદન કરતા તથા ધંધાકીય એકમોમાં ડસ્ટબિન ન રાખતા એકમોનું સઘન ચેકિંગ હાથ ધરાઈ રહ્યું છે. એએમસી સોલિડ વેસ્ટ વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે.

### વિસ્ફોટોમાં એક વ્યક્તિનું મોત, ૩૬ લોકો ઘાયલ

## કેરળમાં ખ્રિસ્તીઓની એક પ્રાર્થના સભામાં ત્રણ સિરિયલ બ્લાસ્ટ

### આ વિસ્ફોટમાં IED નો ઉપયોગ : એક ટિફિન બોક્સમાં વિસ્ફોટકો ભરીને બ્લાસ્ટ કરાયો હોય તેવી શક્યતા છે

। થિરૂવનંથપૂરમ્, તા.૨૯ ।

મધ્ય-પૂર્વમાં ઈઝરાયલ-ગાઝા યુદ્ધના કારણે વાતાવરણ ગરમ છે ત્યારે ભારતના કેરળ રાજ્યમાં આજે ખ્રિસ્તીઓની એક પ્રાર્થના સભામાં ત્રણ સિરિયલ બ્લાસ્ટ થતા હાહાકાર મચી ગયો છે. આ વિસ્ફોટોમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે અને ૩૬ લોકોને ઈજા થઈ છે. ઈજાગ્રસ્તોમાં પાંચની હાલત ગંભીર જણાવવામાં આવે છે. આ વિસ્ફોટમાં IEDનો ઉપયોગ થયો હતો તેવી પુષ્ટિ મળી છે. હજુ બે દિવસ પહેલાં જ હમાસના એક નેતાએ વિડિયો કોન્ફરન્સિંગથી કેરળના અમુક લોકોને સંબોધ્યા હતા જેમાં જેહાદની વાત કરવામાં આવી હતી. ત્યાર બાદ આજે અર્નાકુલમ ખાતે પ્રાર્થના સભામાં વિસ્ફોટો થયા છે. આ બંને વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં તેની તપાસ કરવામાં આવી રહી છે.



અત્યાર સુધી મળેલી માહિતી પ્રમાણે સવારે ૯.૩૦ વાગ્યે ખ્રિસ્તી સમુદાયના લોકો કલામાસેરી કન્વેન્શન સેન્ટરમાં એકઠા થયા હતા અને પ્રાર્થના કરતા હતા. આ દરમિયાન માત્ર પાંચ મિનિટની અંદર ત્રણ બ્લાસ્ટ થયા હતા. પોલીસ દ્વારા એ બાબતની પુષ્ટિ કરવામાં આવી છે કે આ વિસ્ફોટમાં IED ડિવાઈસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેથી આ એક ત્રાસવાદી ઘટના હોય તેવી પૂરી શક્યતા છે. આ વિસ્ફોટ કલામાસેરી ખાતે થયો છે જે અર્નાકુલમ જિલ્લાનો ભાગ છે. આ વિસ્ફોટના કારણે ઝામરા ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ધ્રુજી ઉઠ્યું હતું. આ જગ્યા સિટી સેન્ટરથી ૧૦ કિમીના અંતરે છે અને બ્લાસ્ટના સમયે ત્યાં ૨૦૦૦ લોકો હાજર હતા. કેરળ પોલીસના વડા શેક દર્વેશ સાહેબે કહ્યુંકે વિસ્ફોટમાં IED ડિવાઈસનો ઉપયોગ થયો હતો. આ ડિવાઈસ એક ટિફિન બોક્સમાં રાખવામાં આવી હોય તેવી શક્યતા છે. આ વિશે વધુ વિગતની રાહ જોવાઈ રહી છે. પ્રાથમિક માહિતી પ્રમાણે થોડી થોડી મિનિટોના અંદરે વિસ્ફોટ થયા હતા. આ વિસ્ફોટ બાદ તમામ ડોક્ટરોની રજા રદ કરવામાં આવી છે.

### કેરળમાં કન્વેન્શન સેન્ટરમાં બ્લાસ્ટ બાદ હાઈએલર્ટ

## દિલ્હી, મુંબઈ, તમિલનાડુમાં હાઈએલર્ટ આપવામાં આવ્યું

। થિરૂવનંથપૂરમ્, તા.૨૯ ।

કેરળના કલામાસેરીમાં કન્વેન્શન સેન્ટરમાં થયેલા બ્લાસ્ટ બાદ દિલ્હી પોલીસને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, "સ્પેશિયલ સેલ ગુપ્તચર એજન્સીઓના સતત સંપર્કમાં છે અને કોઈપણ ઈનપુટને હળવાશથી લેવામાં આવશે નહીં. ભીડવાળી જગ્યાઓ પર સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ભીડવાળી જગ્યાઓ પર ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે." દિલ્હી ઉપરાંત મુંબઈને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. યહૂદી ધાર્મિક સ્થળો પર પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો હતો. કોચીમાં થયેલા વિસ્ફોટ બાદ નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG) અને કાઉન્ટર ટેરર ATCની ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. વિસ્ફોટ પાછળ IEDની હાજરી હોવાની આશંકા છે. તો બીજી તરફ તમિલનાડુંમાં પણ એલર્ટ આપવામાં આવ્યું છે. કેરળમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ બાદ સમગ્ર દેશની એજન્સીઓ સતર્ક બની ગઈ છે. કેરળમાં બોમ્બ વિસ્ફોટો બાદ ઉત્તર પ્રદેશમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



**ન્યૂઝ બ્રિફ**

## ૨૨૫ મહિનાના શાસનમાં ભાજપના ૨૫૦ કૌભાંડ : પ્રિયંકા

। દમોહ, તા.૨૯ ।

મધ્ય પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ ઉમેદવારોના પ્રચાર માટે પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા દમોહ પહોંચ્યા હતા. ત્યાં તેમણે એક જનસભાને સંબોધિત કરતા બીજેપી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, એમપીમાંથી બીજેપી સરકારની વિદાય નક્કી છે.

પ્રિયંકા ગાંધી વાડ્રાએ ચૂંટણી રેલીને સંબોધિત કરતા દાવો કર્યો કે, મધ્ય પ્રદેશ મોટા બદલાવ માટે તૈયાર છે. ૨૨૫ મહિનાના શાસનમાં ૨૫૦ કૌભાંડ કરનારી ભ્રષ્ટ ભાજપ સરકાર જઈ રહી છે અને ભારે બહુમત સાથે કોંગ્રેસ આવી રહી છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, મધ્ય પ્રદેશમાં રોજગારીની તકો ખૂબ જ ઓછી છે. એટલા માટે અહીં પલાયન ખૂબ થઈ રહ્યુ છે. છેલ્લા ૩ વર્ષમાં મધ્ય પ્રદેશની બીજેપી સરકારે માત્ર ૨૧ નોકરીઓ આપી. દમોહમાં જનસભાને સંબોધિત કરતા કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, અમે કહીએ છીએ કે, જાતિગત વસતી ગણતરી કરાવો. બિહારમાં જાતિગત વસતી ગણતરી હાથ ધરવામાં આવી. જે પ્રમાણે ત્યાંના ૮૪% લોકો એસસી, એસટી અને ઓબીસી છે. પરંતુ જો તમે નોકરીઓમાં મોટા-મોટા પદો પર જોશો કે આ સમુદાયોનું પ્રતિનિધિત્વ શું છે તો તમને જાણવા મળશે કે, એટલું પ્રતિનિધિત્વ નથી.

## ઈઝરાયેલ પર યમને લોન્ચ કરેલી મિસાઈલ ઈજિપ્ત ઉપર ખાબકી

। તેલ અવીવ, તા.૨૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા જંગમાં અખાતી દેશ યમનમાં ઉત્પાત મચાવી રહેલા અને ઈરાન સમર્થિત હૂતી જૂથ દ્વારા ફરી એક વખત ઈઝરાયેલ પર મિસાઈલ લોન્ચ કરવામાં આવી હતી. ૨૭ ઓક્ટોબરે આ સંગઠને એક ક્રુઝ મિસાઈલ લોન્ચ કરી હતી. જોકે ઈઝરાયેલની જગ્યાએ તે ઈજિપ્તની સીમામાં ખાબકી હતી અને તેના કારણે ઈજિપ્તના ૬ સુરક્ષા કર્મીઓ ઘાયલ થયા હતા. હૂતી જૂથ દ્વારા ઈઝરાયેલ પર મિસાઈલ લોન્ચ કરવાની આ બીજી ઘટના છે. આ પહેલા તેમણે લોન્ચ કરેલી બે થી ત્રણ મિસાઈલ મિડલ ઈસ્ટમાં તૈનાત અમેરિકન નેવીના યુધ્ધ જહાજે હવામાં જ તોડી પાડી હતી. ઈરાન સમર્થક આ સંગઠન ઈરાનની જેમ જ ઈઝરાયેલને પોતાનુ દુશ્મન માને છે. ઈઝરાયેલે આ હુમલાની નિંદા કરીને કહ્યુ છે કે, ઈરાને આ બાબતે સ્પષ્ટતા કરવી જોઈએ. હૂતી જૂથ દ્વારા ઈજિપ્તને જે નુકસાન પહોંચાડવામાં આવ્યુ છે તેની ઈઝરાયેલ નિંદા કરે છે. ગાઝામાં હમાસ સામે લડી રહેલુ ઈઝરાયેલ લેબેનોન બોર્ડર પર આતંકી સંગઠન હિઝબુલ્લાહનો સામનો પણ કરી રહ્યુ છે તો યમનમાં બળવાખોર જૂથ દ્વારા ઈઝરાયેલને ટાર્ગેટ બનાવીને નવો મોરચો ખોલવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે.

## ઈઝરાયેલની વળતી કાર્યવાહી પાગલપન : રેસેપ તૈયપ એર્દોગન

। નવી દિલ્હી, તા.૨૯ ।

તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને ઈઝરાયેલ-હમાસના ચાલુ યુદ્ધ અંગે મોટું નિવેદન આપ્યુ છે. એર્દોગને આજે ઈઝરાયેલ દ્વારા કરવામાં આવી રહેલી જવાબી કાર્યવાહીને પાગલપન ગણાવ્યું છે. આ સાથે જ તેમણે ગાઝા પર કરવામાં આવી રહેલા હુમલાને તાત્કાલિક બંધ કરી દેવાની અપીલ કરી છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલુ થયેલા યુદ્ધને ત્રણ અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. હાલમાં ઈઝરાયેલી સેનાએ પેલેસ્ટાઈન ક્ષેત્રો પર હુમલા વધારી દીધા છે. તુર્કીના રાષ્ટ્રપતિએ એક્સર કહ્યું કે, ગાઝા પર ઈઝરાયેલી બોમ્બમારો કાલ રાત્રેથી તેજ થઈ ગયો છે. ફરી એક વખત મહિલાઓ, બાળકો અને નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં ઈઝરાયેલે ચાલી રહેલા માનવીય સંકટને વધુ ખરાબ કરી નાખ્યો છે. એર્દોગને પોતાની પોસ્ટમાં કહ્યું કે, ઈઝરાયેલે તાત્કાલિક આ પાગલપનને રોકવલું જોઈએ અને પોતાના હુમલા સમાપ્ત કરવા જોઈએ.

### ગ્રાહકોના હિતોને ધ્યાનમાં રાખીને આરબીઆઈનો

# કોઈનો પણ સીઆઈઆર લેવાય તો MMS-ઈમેલથી જાણ કરવી પડશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ગ્રાહકોના હિતોને ધ્યાનમાં રાખી એક નવો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રીય બેંક દ્વારા દરેક ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓને સુચના આપવામાં આવી છે કે, જ્યારે પણ બેંક અથવા એનબીએફસીકંપની દ્વારા કોઈ વ્યક્તિનો ક્રેડિટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (સીઆઈઆર) લેવામાં આવે તો તેની સુચના એમએમએસ અને ઈમેલ દ્વારા આપવી પડશે.

કેન્દ્રીય બેંક દ્વારા ક્રેડિટ ઈન્સ્ટીટ્યુશન અને ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીની કસ્ટમર સર્વિસ અને ફરિયાદ નિવારણ પ્રક્રિયામાં સુધારો કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલના સમયમાં કોઈ વ્યક્તિ દ્વારા બેંકમાં લોન માટે અરજી કર્યા પછી મોટાભાગે એવું જોવા મળતું હતું કે, ગ્રાહકો પાસે બીજી બેંકોની ઓફર્સ અને કોલ આવવા લાગતા હતા. તેની પાછળનું કારણ ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપની દ્વારા તે વ્યક્તિનો ક્રેડિટ રિપોર્ટ અન્ય બેંકોને શેર કરવામાં આવતો હતો. અને આ જાણકારી લોન માટે અરજી કરનાર વ્યક્તિને નથી હોતી.

કેન્દ્રીય બેંક દ્વારા દરેક ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓને સુચના આપવામાં આવી છે કે, જ્યારે પણ બેંક અથવા એનબીએફસી કંપની દ્વારા કોઈ વ્યક્તિનો ક્રેડિટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (સીઆઈઆર) લેવામાં આવે તો તેની સુચના એમએમએસઅને ઈમેલદ્વારા આપવી જોઈએ. આરબીઆઈએ બેંકો અને એનબીએફસીની સલાહ આપી છે કે એક જાગૃતતા કેમ્પેઈન ચલાવો અને મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી દ્વારા વધુમાં વધુ ગ્રાહકો સુધી ફાયદાઓ પહોચાડો.

આરબીઆઈતરફથી જાહેર કરાયેલ પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, ક્રેડિટ ઈન્ટીટ્યુશનને ગ્રાહકોને કેલેન્ડર વર્ષમાં એકવાર ફ્રી ક્રેડિટ રિપોર્ટ આપવો જોઈએ. અને તેના માટે વેબસાઈટ પર એક લિંક પણ મુકવામાં આવશે, જેથી ગ્રાહક સરળતાથી ફ્રીમાં ક્રેડિટ રિપોર્ટ મેળવી શકે.

તમને જણાવી દઈએ કે , RBI ના નવા નિયમોનો સર્કુલર ૨૯ ઓક્ટોબરના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. આ નિયમ સર્કુલર જાહેર કરાયાના છ મહિના પછી લાગુ થશે.

### હેલ્થકેર વર્કર્સ માટે સુવર્ણ તક

# કેનેડા દ્વારા નવો એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો શરૂ કરાયો છે

### કેનેડાએ પોતાનો નવો એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો જાહેર કર્યો છે જેમાં કેનેડાએ ૩૬૦૦ હેલ્થકેર વર્કર્સને ઈન્વાઈટ કર્યા છે

। નવી દિલ્હી, તા.૨૯ ।

હાલમાં ભારતીયોમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતીઓમાં કેનેડા જઈને ત્યાં સ્થાયી થવાનો ટ્રેન્ડ વધ્યો છે. કેનેડાના પીઆર મેળવવા માટે એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો એક સૌથી મહત્વનો રસ્તો છે. કેનેડામાં સ્કિલ્ડ વર્કરની ઘણી અછત છે અને તેને પૂરી કરવા માટે કેનેડિયન સરકાર એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો પ્રોગ્રામ ચલાવે છે. આ વખતે કેનેડાએ પોતાનો નવો એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો જાહેર કર્યો છે જેમાં કેનેડાએ ૩૬૦૦ હેલ્થકેર વર્કર્સને ઈન્વાઈટ કર્યા છે. ૨૬ ઓક્ટોબરના ડ્રોમાં ૪૩૧નો મિનિમમ કોમ્પ્રિહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ સ્કોર દર્શાવવામાં આવ્યો



છે, જે અગાઉના હેલ્થકેર ડ્રો કરતા ૩૨ પોઈન્ટ ઓછો છે. સમગ્ર ૨૦૨૨માં ૪૫,૧૧૫ ઉમેદવારોને આમંત્રિત કર્યા પછી IRCCએ હવે ૨૦૨૩માં ૯૫,૨૨૧ ITA જારી કર્યા છે. IRCCએ ૨૦૨૧માં તમામ કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ અને પ્રોવિન્સિયલ નોમિની પ્રોગ્રામમાં રેકોર્ડ ૧,૧૪,૪૩૧ ITAs જારી કર્યા હતા અને ૨૦૨૦માં નોંધાવેલા ૧,૦૭,૩૫૦ના રેકોર્ડને તોડ્યો હતો. કેનેડાએ ૨૦૨૩ માટે ૪,૬૫,૦૦૦નો રેકોર્ડ ઈમિગ્રેશન લક્ષ્યાંક નક્કી કર્યો છે. તાજેતરના ડ્રોમાં ૨૪ મે ૨૦૨૩ના રોજ ૩.૪૭pm EST પર ટાઈ-બ્રેકિંગ નિયમ લાગુ કરવામાં આવ્યો હતો. જો એક કરતાં વધુ ઉમેદવારો પાસે મિનિમમ CRS સ્કોર હોય, તો માત્ર તેઓને જ ઈન્વાઈટ મોકલવામાં આવશે જેમણે આ તારીખ અને સમય પહેલાં તેમની એક્સપ્રેસ એન્ટ્રી પ્રોફાઈલ સબમિટ કરી હશે.

### એથિક્સ કમિટી સમક્ષ તૃણમૂલના સાંસદનો સ્વિકાર

# બિઝનેસમેન દર્શનને સંસદના લોગઈન-પાસવર્ડ આપ્યા હતા : મહુઆ મોઈત્રા

### દર્શને તેની એફિડેવિટમાં કહ્યું છે કે તે વડાપ્રધાન મોદીનો મોટો ફેન છે. તેણે અદાણી વિશે તો કંઈ કહ્યું નથી. બીજી વાત હીરાનંદાણીએ એફિડેવિટમાં પૈસાનો પણ કોઈ ઉલ્લેખ નથી કર્યો?

। નવી દિલ્હી, તા.૨૯ ।

દેશના મોટા વેપારી જોડેથી પૈસા લઈને સંસદમાં સવાલ પૂછવાના આરોપમાં પશ્ચિમ બંગાળથી તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ એથિક્સ કમિટી સમક્ષ એક સવાલના જવાબમાં સ્વીકાર્યું હતું કે તેમણે હીરાનંદાણીને તેમના લોગિન અને પાસવર્ડ આપ્યા હતા. જોકે તેમણે એમ પણ કહ્યું કે તેના માટે તેમણે બદલામાં કોઈ રોકડ કે મોંઘી ભેટ લીધી નહોતી. મહુઆ મોઈત્રાએ તેની સાથે કમિટી સમક્ષ હાજર થવા માટે ૫ નવેમ્બર સુધીનો સમય માગ્યો હતો પરંતુ સમિતિએ આ માગ ફગાવી દીધી હતી અને તેમને ૨ નવેમ્બરે હાજર થવા આદેશ



કર્યો હતો. સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું હતું કે તેમણે બિઝનેસમેન દર્શન હીરાનંદાણીને તેમનું સંસદનું લોગિન અને પાસવર્ડ આપ્યું હતું કેમ કે એવો કોઈ નિયમ નથી કે કોની પાસે લોગિન રહી શકે અને કોણ કરી શકે કે અને કોણ નહીં? તેમણે આગળ કહ્યું કે કોઈ પણ સાંસદ ખુદ સવાલ નથી કરતો. લોગિન અને પાસવર્ડ તેમની ટીમ પાસે રહે છે. પણ એક ઓટીપી આવે છે જે ફક્ત મારા ફોન પર આવે છે. તે દર્શનના ફોન પર નથી જતો. એવામાં કોઈ સવાલ જ નથી થતો કે કોઈ મારી જાણકારી વગર સવાલ અપલોડ કરી શકે. જ્યારે સવાલ પૂછવાના બદલામાં પૈસા લેવાના આરોપ અંગે મહુઆએ કહ્યું કે મારી ઉપર પૈસા લઈને સવાલ પૂછવાનો આરોપ છે પણ પૈસા છે ક્યાં? દર્શને તેની એફિડેવિટમાં કહ્યું છે કે તે વડાપ્રધાન મોદીનો મોટો ફેન છે. તેણે અદાણી વિશે તો કંઈ કહ્યું નથી. બીજી વાત હીરાનંદાણીએ એફિડેવિટમાં પૈસાનો પણ કોઈ ઉલ્લેખ નથી કર્યો? શું હીરાનંદાણીએ મહુઆ મોઈત્રાને મોંઘી ભેટો આપી? આ સવાલ પર તૃણમૂલ નેતાએ કહ્યું કે જ્યાં સુધી મને યાદ છે.



પેરિસ નજીક સેન્ટ-ડેનિસમાં સ્ટેડ ડી ફ્રાન્સ ખાતે ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રગ્બી વર્લ્ડ કપની ફાઇનલ મેચ જીત્યા બાદ પ્રેઝન્ટેશન સેરેમની દરમિયાન ટીમના સાથીઓએ ઉજવણી કરતી વખતે દક્ષિણ આફ્રિકાની સિયા કોલિસીએ ટ્રોફી ઉપાડી. દક્ષિણ આફ્રિકાએ ૧૨-૧૧થી ગેમ જીતી હતી.

**ઓઆઈસી એ વિવાદાસ્પદ ટિપ્પણી કરી**

## જમ્મુ-કાશ્મીર વિવાદ ઉકેલવા માટે યુએન નક્કર પગલાં લે

### ઓ.ઓફ ઈ. કોઓપરેશનના બ્રાહિમ તાહાનનું નિવેદન

। નવી દિલ્હી, તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીર પર ફરી એકવાર ઈસ્લામિક દેશોના સંગઠન ઓઆઈસી એ વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનના સચિવ હિસેન બ્રાહિમ તાહાને આપેલ નિવેદનમાં કહેવામાં આવ્યું કે, ગઈકાલે જમ્મુ અને કાશ્મીર પર ભારતના કબજાના ૭૬ વર્ષ પૂર્ણ થશે. ઓઆઈસી એ આંતરરાષ્ટ્રીય સમુદાયને જમ્મુ અને કાશ્મીરના વિવાદને ઉકેલવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવો હેઠળ નક્કર પગલાં લેવાનું પુનરોચ્ચાર કર્યો હતો. ઉપરાંત તેમણે કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના લોકોના આત્મનિર્ણયના અધિકારને લઈને સંગઠન તેમની સાથે છે.

ઈસ્લામિક સમિટ અને ઓઆઈસી વિદેશ મંત્રીઓની બેઠકના નિર્ણયો અને ઠરાવોનો ઉલ્લેખ કરતા ઓઆઈસીના સેક્રેટરીએ કહ્યું કે, ભારતને જમ્મુ અને કાશ્મીરના લોકોના મૂળભૂત માનવ અધિકારોનું સન્માન કરવું જોઈએ. ઉપરાંત, ૫ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ જમ્મુ અને કાશ્મીરમાં નાબૂદ કરવામાં આવેલી કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરવાની માંગ કરવામાં આવી હતી. જો કે, આ પહેલીવાર નથી જ્યારે ઓઆઈસીએ ભારત અને જમ્મુ-કાશ્મીરને લઈને આ પ્રકારની વિવાદાસ્પદ ટિપ્પણી કરી હોય અગાઉ પણ ઓઆઈસી ભારત વિરુદ્ધ સતત ઝેર ઓકતું રહ્યું છે. ઓક્ટોબર ૨૦૨૨માં પણ ઓઆઈસીએ એક નિવેદન જારી કરીને ભારત સરકારને જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરવાની માંગ કરી હતી. કાશ્મીરમાં થઈ રહેલા ડેમોગ્રાફિક ફેરફારને રોકવાની પણ માંગ કરવામાં આવી હતી.

# ભારત નામ બાળકોમાં ગર્વની ભાવના પેદા કરે છેઃ પ્રોફેસર સીઆઈ ઈસાક

। નવી દિલ્હી, તા.૨૯ ।

ઈન્ડિયા વિ. ભારત નામ પર ચાલતી ચર્ચા વચ્ચે એનસીઈઆરટી કમિટીના ચેરમેનનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. પ્રોફેસર સીઆઈ ઈસાકે કહ્યું કે, ભારત નામ બાળકોમાં ગર્વની ભાવના પેદા કરે છે. આ કારણે અમે તમામ શાળાના અભ્યાસક્રમમાં ઈન્ડિયાને બદલે ભારત લખવાની ભલામણ કરી છે. થોડા દિવસ પહેલા જ એનસીઈઆરટી પેનલે તમામ શાળાના પાઠ્યપુસ્તકોમાં ઈન્ડિયાની બદલે ભારત લખવાનો પ્રસ્તાવ મૂક્યો છે. પ્રોફેસર સીઆઈ ઈસાકે આ મુદ્દા પર થતા વિરોધના જવાબ આપતા કહ્યું કે, મદ્રાસનું નામ બદલીને ચેન્નાઈ અને ત્રિવેન્દ્રમનું નામ બદલીને તિરુવનંતપુરમ કરી દેવામાં આવ્યું છે ઉપરાંત તાજેતરમાં કેરળને કેરલમ કરવાની માંગ થઈ રહી છે તો એવામાં ઈન્ડિયાને ભારત કહેવામાં સમસ્યા શું છે? ભારત નામ લગભગ ૭,૦૦૦ વર્ષ જૂનું છે. જ્યારે બાળકો આ સાંભળશે, ત્યારે તેઓ આપણા સમૃદ્ધ ઈતિહાસ અને વારસા પર ગર્વ અનુભવશે. તેની સરખામણીએ ઈન્ડિયા નામ માત્ર ૧૫૦ વર્ષ જૂનું છે. પ્રોફેસર ઈસાકે કહ્યું કે, ધોરણ ૭-૧૨ના ધોરણથી સામાજિક વિજ્ઞાનની પાઠ્યપુસ્તકોમાં ભારત નામ ભણાવવું જોઈએ. નવી શિક્ષણ નીતિની રચના બાદ સમિતિએ વિચાર્યું કે ભારત નામ વિદ્યાર્થીઓને શીખવવામાં આવે. ઉપરાંત તેમણે કહ્યું કે, અમે ઈચ્છતા હતા કે આવનારી પેઢી ભારત નામ શીખે. એનસીઈઆરટી દ્વારા ગઠિત સમિતિએ શાળાના અભ્યાસક્રમમાં ફેરફાર લાવવા માટે કેટલાક સૂચનો આપ્યા છે. તેમણે એમ પણ કહ્યું છે કે હિંદુ યોદ્ધાઓની વિજય ગાથાઓને પણ અભ્યાસક્રમમાં સામેલ કરવી જોઈએ. જો કે એનસીઈઆરટીએ સ્પષ્ટ કર્યું છે કે આ સૂચનો પર હાલ ટિપ્પણી કરવી ઉતાવળ હશે અને આ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સી. આઈ. ઈસાક ની આગેવાની હેઠળની સમિતિએ શાળાના અભ્યાસક્રમમાં પ્રાચીન ઈતિહાસને બદલે શાસ્ત્રીય ઈતિહાસનો સમાવેશ કરવા તેમજ તમામ વિષયોમાં ભારતીય જ્ઞાન પ્રણાલીનો સમાવેશ કરવાનું સૂચન કર્યું હતું.

### ઇન્ટરનેશનલ મીડિયા બ્રિફિંગમાં ઈઝરાયેલનો ખુલાસો

# હમાસે તેના સંગઠનનું મુખ્ય બેઝ ગાઝાની શિફા હોસ્પિટલને બનાવી છે

। જેરૂસલેમ, તા.૨૯ ।

ઈઝરાયેલે શુક્રવારે જાણકારી આપતા કહ્યું હતું કે હમાસે તેના આતંકવાદી સંગઠનના સંચાલનનું મુખ્ય બેઝ ગાઝાની શિફા હોસ્પિટલને બનાવી છે. આ આતંકવાદી સંગઠનની આતંકી ક્રિયાઓના વિઝ્યુઅલ અને ઈન્ટરસેપ્ટેડ ઓડિયો ઈઝરાયેલને મળ્યા છે. ઈન્ટરનેશનલ મીડિયા આઉટલેટના પત્રકારો માટે બ્રીફિંગમાં આઈડીએફના રીયર એડમિરલ ડેનિયલ હગારીએ કહ્યું કે હમાસ પાસે શિફા જેવા ઘણા ઓપરેશન બેઝ છે. શિફા ગાઝા પટ્ટીનું સૌથી મોટી હોસ્પિટલ છે, જેનો ઉપયોગ આતંકવાદી સંગઠનના નેતાઓ દ્વારા ઈઝરાયેલ વિરુદ્ધ હુમલા પ્લાન કરવા માટે થાય છે. તેમજ તેમને કહ્યું કે હોસ્પિટલની બહારથી ભૂગર્ભ બેઝ સુધી લઈ જતી ઘણી સુરંગો છે જેથી હમાસના અધિકારીઓને હોસ્પિટલમાં પહોંચવા માટે અંદર સુધી જવાની જરૂર ન પડે. અત્યારે આતંકવાદીઓ શિફા હોસ્પિટલ અને ગાઝાની અન્ય હોસ્પિટલોમાં મુક્તપણે ફરે છે. ઈઝરાયેલ પાસે આ બાબતના પુરાવાઓ પણ છે કે ૭ ઓક્ટોબરે હુમલા બાદ આતંકવાદીઓ છુપવા માટે હોસ્પિટલમાં ઘુસ્યા હતા. આતંકવાદીઓએ લગભગ ૧૪૦૦ લોકોની હત્યા અને ગાઝા પટ્ટીના ૨૨૦થી વધુ લોકોને બંધક બનાવ્યા હતા. હોસ્પિટલના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ હમાસ માટે ભૂગર્ભ બેઝ તરીકે કરવામાં આવે છે. હમાસ દ્વારા હોસ્પિટલના આવા ઉપયોગ અંગેની માહિતી ડિરેક્ટોરેટ ઓફ મિલિટરી ઈન્ટેલિજન્સ અને શિન બેટ સિક્યુરિટી એજન્સી દ્વારા એકઠી કરવામાં આવેલ ઈન્ટેલીજન્સ ઈન્ફોર્મેશન પર આધારિત છે. બીજી તરફ, હમાસના રાજકીય બ્યુરોના વરિષ્ઠ સભ્ય ઈઝ્ઝત અલ-રિશ્કે કહ્યું કે ઈઝરાયેલી સેનાના આરોપો પાયાવિહોણા છે.

### કિંગ ખાન જવાનની સક્સેસને એન્જોય કરી રહ્યા છે

# વર્ષના અંતે શાહરૂખ ખાન ડંકીથી તહેલકો મચાવશે

### બોમન ઈરાનીએ કહ્યુ કે તેમણે ફિલ્મ જોઈ લીધી છે અને આ શાહરૂખ ખાનની હેટ્રિક સાબિત થવાની છે

। મુંબઈ, તા.૨૯ ।

શાહરૂખ ખાન અત્યારે જવાનની સક્સેસને એન્જોય કરી રહ્યા છે. જવાનને રિલીઝ થયે ૫૦ દિવસ થઈ ગયા છે અને આ ફિલ્મ હજુ સુધી થિયેટર્સમાં ટકેલી છે. વર્ષ ૨૦૨૩ શાહરૂખ ખાનના નામે રહ્યુ છે. શરૂઆતમાં શાહરૂખ પઠાણ લઈને આવ્યા હતા. પઠાણ પણ સુપરહિટ સાબિત થઈ છે. પઠાણથી શાહરૂખે લાંબા સમય બાદ બોલીવુડમાં વાપસી કરી હતી. હવે વર્ષના અંતમાં ચાહકોને શાહરૂખ ખાનની ડંકીની રાહ જોઈ રહ્યા છે. ક્રિસમસના અવસરે ડંકી રિલીઝ થવાની છે એટલે કે વર્ષના અંતે પણ શાહરૂખ ખાન ધમાલ મચાવવાના છે. ડંકીનો પહેલો રિવ્યૂ સામે આવી ગયો છે. આ એક્ટર બોમન ઈરાનીએ આપ્યો છે. બોમન ઈરાની તાજેતરમાં જ એક ઈવેન્ટમાં ગયા હતા. જેમાં તેમણે ડંકી વિશે વાત કરી છે. ખાસ વાત એ છે કે આ ફિલ્મમાં શાહરૂખ ખાનની સાથે બોમન ઈરાની પણ નજર આવવાના છે. બોમન ઈરાનીએ કહ્યુ કે તેમણે ફિલ્મ જોઈ લીધી છે અને આ શાહરૂખ ખાનની હેટ્રિક સાબિત થવાની છે. બોમન ઈરાનીએ પોતાની ફિલ્મ ડંકી વિશે વાત કરી. તેમણે કહ્યુ કે મે ફિલ્મનો અર્લી ડ્રાફ્ટ જોઈ લીધો છે અને આ ખૂબ સારી બની છે. આ ખૂબ જ સરસ સબ્જેક્ટ છે અને આ રાજકુમાર હિરાનીની અન્ય ફિલ્મોની જેમ મનોરંજક પણ છે.

## તંત્રી લેખ...

# ચૂંટણીઓની રણનીતિ પર વિચાર-વિમર્શ

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓની વેગવાન થતી તૈયારીઓ વચ્ચે મધ્ય પ્રદેશમાં સીટોની વહેંચણીને લઈને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (સપા) વચ્ચે જે કડવો વિવાદ બહાર આવ્યો છે, તેનાં પરિણામ ના તો મધ્ય પ્રદેશ સુધી સીમિત રહેવાનાં છે કે ના વિધાનસભા ચૂંટણીઓ સુધી. સમાજવાદી પાર્ટીના ચીફ અખિલેશ યાદવે કહી પણ દીધું છે કે જ્યારે લોકસભા ચૂંટણીઓ માટે સીટોની વહેંચણીની વાત થશે, ત્યારે યુપીમાં કોંગ્રેસ સાથે તે એવો જ વ્યવહાર કરશે, જેવો તેની સાથે મધ્ય પ્રદેશમાં કરવામાં આવ્યો છે. જોકે આ વાત પહેલેથી જ કહેવામાં આવતી હતી કે વિપક્ષી દળોનું ગઠબંધન રાષ્ટ્રીય સ્તર પર અને લોકસભા ચૂંટણીઓ માટે કરવામાં આવ્યું છે. તો એમાં એવી કોઈ વાત નથી જે અખિલેશ યાદવ કે તેમની સમાજવાદી પાર્ટીને સમજમાં ન આવે. પરંતુ સવાલ એ છે કે જો વાત એટલી સાફ જ હતી તો પછી મધ્ય પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ વિધાનસભા ચૂંટણીઓને લઈને તેની સાથે કોઈ વાતચીત શરૂ જ કેમ કરી? કેમ એ નેતાઓને આ ચૂંટણીઓની રણનીતિ પર વિચાર-વિમર્શ માટે બોલાવવામાં આવ્યા અને જેવું કે સમાજવાદી પાર્ટીનો દાવો છે, તેના માટે છ સીટો છોડવાની તૈયારી પણ દેખાડવામાં આવી અને કેમ બાદમાં કોઈ સ્પષ્ટીકરણ વિના તમામ સીટો પર કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરી દેવામાં આવ્યા? આ પ્રકરણ પર કોંગ્રેસનું કોઈ સત્તાવાર નિવેદન હજુ આવ્યું નથી, પરંતુ યુપી કોંગ્રેસના અધ્યક્ષ અજય રાયે જે પ્રતિક્રિયા અખિલેશ યાદવના નિવેદન પર આપી છે તેનાથી એટલું ચોક્કસ સ્પષ્ટ થાય છે કે પાર્ટી આ મુદ્દે બચાવની મુદ્રામાં નથી. કોંગ્રેસનું કહેવું છે કે મધ્ય પ્રદેશમાં ૨ ૨ સીટો પર ઉમેદવાર ઊભા કરીને સમાજવાદી પાર્ટીએ ભાજપની મદદ કરવાની પોતાની દાનત સ્પષ્ટ કરી દીધી છે. એકંદરે, આ આરોપ-પ્રત્યારોપ અને આકરી નિવેદનબાજી વચ્ચે પણ કોઈ વિપક્ષી ગઠબંધન વિરુદ્ધ કશું નથી બોલી રહ્યું. સમાજવાદી પાર્ટીએ પણ એમ નથી કહ્યું કે તે કોંગ્રેસ કે અન્ય વિપક્ષી દળો સાથે લોકસભા ચૂંટણીઓમાં ગઠબંધન નહીં કરે. તેનું કહેવું માત્ર એટલું જ છે કે એ સમયે કોંગ્રેસ સાથે 'જેવા સાથે તેવા'ની તર્જ પર વ્યવહાર કરવામાં આવશે. તેનો સાચો મતલબ અસલમાં શું છે અને તે એ જ સમયે સ્પષ્ટ થશે, પરંતુ હાલમાં એટલું ચોક્કસ કહી શકાય કે જો ખરેખર વિપક્ષી દળો વિપક્ષી ગઠબંધનને લઈને ગંભીર જ હોય અને તેને જાળવી રાખવા માંગતા હોય તો તેમણે પોતાના મતભેદોની પતાવટ માટે કોઈ બહેતર રીત શોધવી જોઈએ. જે મતભેદ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ઉપજ્યા છે, તે આપ સહિત તમામ અન્ય પ્રાદેશિક પક્ષો સાથે પણ ઉભરી જ શકે છે. એવામાં એકબીજાની જાહેરમાં ટીકા કરતા આ પક્ષો જ્યારે થોડા મહિના બાદ લોકસભા ચૂંટણીના પ્રસંગે ખભેખભો મિલાવી ઊભા રહેલા જોવા મળશે તો આમ મતદારો માટે તેમના ગઠબંધનની વિશ્વસનીયતા સ્વાભાવિક રીતે જ શંકાસ્પદ થઈ જવાની છે.

## દેશની પહેલી રેપિડેક્સ પરિયોજના સંચાલનમાં આવી જશે

દિલ્હી અને તેની આસપાસના વિસ્તારો વિશ્વની સૌથી મોટી નગરીય વસ્તીઓમાંની એક છે. એવા વિસ્તારના સંતુલિત અને સતત વિકાસ માટે સક્ષમ અને કિફાયતી જાહેર પરિવહન એક અનિવાર્ય પાસું છે. દિલ્હી-એનસીઆરની એવી જ જરૂરિયાતની પૂર્તિ માટે નેશનલ કેપિટલ રિજન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એનસીઆરટીસી)એ રેપિડેક્સ જેવો વિકલ્પ ઉપલબ્ધ કરાવ્યો છે. આ રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ) પરિયોજનાને સાકાર રૂપ આપવા માટે ભારત સરકાર ઉપરાંત ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન સરકારો સાથે આવી છે. આ તેમનો સંયુક્ત ઉપક્રમ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેપિડેક્સના દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ કોરિડોરના સાહિબાબાદ-દુહાઈ ખંડનું ઉદ્ઘાટન કરશે. સાથે જ દેશની પહેલી રેપિડેક્સ પરિયોજના સંચાલનમાં આવી જશે. રેપિડેક્સનું લ-ય લોકોને તેજ, સુરક્ષિત, આરામદાયક અને ભરોસેમંદ યાત્રા પ્રદાન કરવાનું છે અને તે પણ કિફાયતી દરો પર. પોતાના આ લ-યની પૂર્તિ માટે રેપિડેક્સ એક સમયે ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી દોડતી નજરે પડશે. દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે પહેલાં દિલ્હી અને મેરઠ વચ્ચેની યાત્રા બહુ મુશ્કેલી ભરી રહેતી હતી, પરંતુ હવે સ્થિતિઓ બદલાઈ ગઈ છે. તેમાં આરઆરટીએસની પણ મહત્ત્વની ભૂમિકા રહેશે. તેની વાણિજ્યિક સેવાઓ શરૂ થયા બાદ અનુમાન છેકે તેનાથી ૧૮ લાખ ટન કાર્બન ડાયોક્સાઈડ જેટલો કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળશે. આરઆરટીએસને મૂર્ત રૂપ આપવાના રસ્તામાં કોવિડ-૧૯ જેવા કેટલાય પડકારો છતાં તેનું કામ ઝડપથી થયું છે. કામ એટલી ઝડપથી થઈ રહ્યું છે કે જૂન-૨૦૨૫ સુધી પહેલું ચરણ સંપૂર્ણ રીતે આકાર લેશે. આ અનોખી પરિયોજનાનું એક વિશિષ્ટ પાસું એ છે કે તેણે મેરઠ મેટ્રોને આરઆરટીએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડવાનું કામ કર્યું છે. તેનાથી સરકારી ખજાનાને લગભગ ૬૩૦૦ કરોડની બચત થઈ છે. યાત્રીઓને સગવડ મળવાની સાથે જ તેના કેટલાય બીજા લાભ પણ જોવા મળશે. આ મહત્ત્વાકાંક્ષી પરિયોજના 'મેક ઈન ઈન્ડિયા' અને ભારતની વિનિર્માણ ક્ષમતાઓની સફળતાની પણ પરિચાયક છે. તેના માટે દેશની પહેલી પ્રમાણિત હાઈસ્પીડ રોલિંગ સ્ટોક અને સો ટકા ટ્રેન સેટ ગુજરાતના સાવલીમાં બનાવવામાં આવ્યા છે. પ્લેટફોર્મ સ્ક્રીન ડોર્સ (પીએસડી)ની ડિઝાઈન અને નિર્માણ પણ પહેલી વાર સંપૂર્ણ સ્વદેશી સ્તર પર થઈ. તેના માટે એનસીઆરટીસી અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (બીઈએલ)ની ભાગીદારી રંગ લાવી. જાહેર પરિવહનના સ્તર પર આ પહેલ અસલમાં દેશની નવી ક્ષમતાઓનો શંખનાદ છે. આ પરિયોજના પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન (એનએમપી)ને અનુરૂપ જ ડિઝાઈન કરવામાં આવી છે, જેથી એક કોરિડોરથી બીજા કોરિડોર વચ્ચે આરઆરટીએસની નિર્બાધ આવાજાહીથી મલ્ટી-મોડેલ કનેક્ટિવિટી મૂર્ત રૂપ લઈ શકે અને તેમાં યાત્રીઓને ઈન્ટરચેન્જની કોઈ દુવિધા સહન ન કરવી પડે. યાત્રીઓની સુવિધા માટે આરઆરટીએસ સ્ટેશનોને હાલના બસ ટર્મિનલો, રેલવે અને મેટ્રો સ્ટેશનો સાથે જોડી આપવામાં આવ્યા છે. આરઆરટીએસ ટ્રેનોમાં મહિલાઓ માટે વિશેષ કોચ હશે. એટલું જ નહીં, પ્રત્યેક કોચમાં મહિલાઓ, બાળકો, બુજુર્ગો અને દિવ્યાંગો માટે પણ વિશેષ સીટો ચિહ્નિત કરવામાં આવશે. આપણી પરિચાલન ક્ષમતાઓના ૪૦ ટકા હિસ્સો મહિલાઓએ જ સંભાળેલો છે. આપાત સ્થિતિમાં દર્દીઓને સમયસર જરૂરી સ્વાસ્થ્ય સુવિધાઓ સુધી પહોંચાડવા માટે ગ્રીન કોરિડોર સુવિધા જેવી પહેલ પણ કરવામાં આવી છે. સાર્વજનિક પરિવહનના સ્તર પર ભારતમાં પહેલી વાર એવું થવા જઈ રહ્યું છે. એનસીઆરટીસી નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (એનસીએમસી)ને પણ લાગુ કરવા જઈ રહ્યું છે.

# સ્વયં પ્રભા એટલે પોતાની પ્રભા,અને પ્રભા એટલે બુદ્ધિનું સાત્વિક સ્વરૂપ, એટલે સાત્વિક બુદ્ધિ સિવાય પ્રભુચરણોમાં પ્રીતિનું સ્થાન પામી શકાતું નથી



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. . આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ. રામાયણ માં માત્ર રામનું ચરિત્ર જ લખ્યું નથી અથવા તો એમ કહીએ કે કેટલાં બધાં ઉચ્ચ ચરિત્રોના જીવનની ગાથા આ મુલ્યવાન ગ્રંથ માં આલેખી છે માટે તે મહાન અને અનુસરવા લાયક છે. વનવાસ માં એવાં કેટલાંય પાત્રો છે જેના વગર રામ કાર્ય શક્ય નહોતું. આપણે આજે એવાં જ એક ઉજળા ચરિત્રની ચિંતનમાં વાત કરીશું, જેનો ઉલ્લેખ રામાયણમાં કિષ્કિંધા કાંડમાં બહુ થોડીવાર માટે થયો છે, અને એ છે સ્વયંપ્રભા.


ભોગવિલાસમાં રત થયેલા સુગ્રીવ ને જ્યારે લક્ષ્મણજી દ્વારા તેનું કર્તવ્ય યાદ કરાવવામાં આવે છે અને પછી જાંબુવંત, હનુમાન, અંગત, સુગ્રીવ, અને નલ નીલ જેવા અન્ય વાનરોની ટોળી સીતાજીની શોધમાં નીકળે છે. સુગ્રીવ બધાને આદેશ આપે છે કે , વિંધ્યનો ખૂણે ખૂણે તપાસી નાખો, પરંતુ સીતાની તપાસ કર્યા વગર આપણે પાછા ફરવાનું નથી. કેટ-લાય દિવસો સુધી ગિરિકંદરાઓમાં રખડવા છતાં માતા સીતાનો કોઈ જ પતો મળતો નથી. વાનરો ભૂખ્યા થાક્યા તરસ્યા થઈ હતાશ ગયા છે, અને હવે ક્યાંક તેમની તૃષા તૃપ્ત થાય, તેમની આતરડી ભોજનથી ઠરે, ત્યારે જ આગળનું કાર્ય શક્ય બને. એવે સમયે હનુમાનજી ને એક પર્વતની ગુફા પર પક્ષીઓ મંડરાતા દેખાય છે, અને હનુમાન કહે છે કે નક્કી આ ગુફા આગળ ક્યાંક પાણી હોવું જોઈએ, તો જ આટલા બધા પક્ષીઓ અહીં હોય, અને તપાસ કરતાં સાચું પણ હોય છે. હનુમાનજી એ દેવીને પૂછે છે, હે તપસ્વી નારી, શું આ કોઈ અસુરની માયાજાળ છે? કારણકે મારી સાથેનાં પ્રભુ શ્રીરામના સેવકો અત્યંત ભૂખ્યા તરસ્યા થઈ ગયા છે. એ તપસ્વી નારી હનુમાનજીને આ રીતે ભટકવાનું કારણ પૂછે છે, અને હનુમાનજી તેને કહે છે કે, પિતાનાં વચન માટે વનવાસે નીકળેલા રામ લક્ષ્મણ અને સીતા માંથી સીતા માતાનું કોઈ અપહરણ કરી ગયુ છે, અને અમે બધા તેની શોધમાં નીકળ્યાં છીએ. એ નારી એટલે સ્વયંપ્રભા! એ જણાવે છે કે, સર્વ પ્રથમ તો તમે બધા તમારી ભૂખ તરસને મીટાવો પછી આગળની વાત હું જણાવું.

બાદમાં સ્વયં પ્રભા જણાવે છે કે આ સ્થાન દાનવના શિરોમણી એવા વિશ્વકર્મા માયાસુરની સંપત્તિ છે. માયાસુર અહીં આગળ રહેતો હતો, ત્યારે તેને હેમા નામની અપ્સરા સાથે સંયોગ થયો, અને પછી પ્રેમ થઈ ગયો, અને તે એનાથી અંત્યંત મોહિત થઈ ગયો. એ બંને જણા અહીં રહેતા હતાં, એ વાતની જાણ ઈન્દ્ર ને થતાં, ઈન્દ્ર એ ક્રોધિત થઈ અને માયાસુરનો વધ કરી નાખ્યો, ત્યારથી હેમા આ સ્થાનની માલિક છે, અને હેમા મારી અત્યંત નજીકની સહેલી હોવાથી એણે મને અહીં તપ કરવા માટેની રજા આપી છે. વાનર અધિનાયક હનુમાનજી પૂછે છે હે દેવી! હવે અમે સીતાની શોધ કરવા ક્યાં જઈએ, એ જ મને સમજાતું નથી! ત્યારે સ્વયં પ્રભા કહે છે કે મારી શક્તિ મુજબ હું આપને મદદ કરી શકું. આપ સર્વે આંખ બંધ કરી, અને બેસી જાવ. બધા જ વાનરોએ તપસ્વી સ્વયં પ્રભાનાં કહેવા અનુસાર કર્યું, અને આંખ ખોલી ત્યારે એ લોકો સમુદ્ર કિનારે હતાં. તપસ્વી દેવી સ્વયં પ્રભા એ રામની સ્તુતિ કરી અને રામચરણમાં પહોંચી ગયા. પ્રભુ શ્રી રામ એ તેને અનુપાયની ભક્તિ એટલે કે અચળ ભક્તિ નું વરદાન આપ્યું,અને તે જન્મોજન્મ ઋષિ મુનીઓ જ્યાં જવાં ચાહે છે બદ્રિકાશ્રમમાં સ્થાન પામ્યા. અમુક રામાયણમાં તો સ્વયં પ્રભા એવા નામનો પણ ઉલ્લેખ નથી, તે નારી! કે તપસ્વી નારી! એમ કહી સંદર્ભ ટાંકવામાં આવ્યો છે.

તો તપસ્વી દેવી સ્વયં પ્રભા રામ કાર્યમાં મદદગાર સાબિત થઈ અને તે વાનરોને સીતાની શોધ માટે સમુદ્ર સુધી એટલે કે સાચા માર્ગ સુધી લઈ ગઈ, અને પ્રભુ ચરણોમાં નિત્ય નિવાસનુ સ્થાન પામી. સ્વયં પ્રભા એટલે કે પોતાની પ્રભા,અને પ્રભા એટલે બુદ્ધિનું સાત્વિક સ્વરૂપ, એ રીતે જોઈએ તો પોતાની સાત્વિક બુદ્ધિ સિવાય પ્રભુચરણોમાં પ્રીતિ નું સ્થાન પામી શકાતું નથી. અને બુદ્ધિ ને સાત્વિક સ્વરૂપ સુધી લઈ જવા માટે જ તપ કરવાનો હોય છે, સંયમ રાખવાનો હોય છે, પરોપકારના બે ચાર કામ કરવાના હોય છે, ભોગ પ્રત્યેથી મન હટાવી અને ભગવાનનું નામ સ્મરણ કરવાનું હોય છે! અને એ ગુફા ના એશ્વર્ય કે સૌંદર્ય ની વાત કરીએ તો પોતાની બુદ્ધિ સાત્વિક થાય ત્યારે જ તેને ઈશ્વરના એશ્વર્ય ના દર્શન થતાં હોય છે અને બધું સુંદર સુંદર લાગતું હોય છે, એટલે કે સૌંદર્ય ની તેની પરિભાષા બદલાઈ જાય છે. તો ભક્ત, ભગવાન, અને ભક્તિ આ એક એવો ત્રિકોણ છે કે, જેમાં કોઈને પોતાનું નિશ્ચિત અસ્તિત્વ નથી, બધા જ જ્યારે એકમેકમાં તલ્લીન થાય, એકાકાર થાય ત્યારે જ પરમ વિશ્રામ ની ઘટના ઘટે છે.

વિચિત્ર કથન છે, પણ સચ્ચાઈ એમાં જ છુપાયેલી છે, કે ભક્તિ કરતાં કરતાં ભક્ત પોતાના અસ્તિત્વ ને ભૂલી જાય, ભક્તિ તો કેવળ ભાવ જ છે, એ તો ભક્ત થકી જ અસ્તિત્વ ધરાવે છે, અને ભગવાન તો હંમેશા ભક્તનાં હ્દયમાં નિવાસ કરનારા છે, પૂર્ણ પરમાત્મા હોવાં છતાં એ ભક્તની પુકાર પર પોતાનું બધું ભૂલી દોડી આવે છે. પરંતુ આ બધું ત્યારે જ શક્ય બને જ્યારે સ્વયંની પ્રભા એટલે કે બુદ્ધિ સાત્વિક બંને, અને પછી એ ભક્તિનાં પ્રકલ્પ ને સ્વીકારે. બાકી બધું તો ભક્તિને નામે થતો દંભ દેખાડો છે, આજે આનું નામ તો કાલે પેલા નું નામ, અને આમ પોતાના સ્વાર્થ ખાતર શરણું પસંદ કરનારને,અંતે હાથમાં કંઈ આવતું નથી. એટલે ઈશ્વર તત્વ તો એક જ છે, તેને ગમે તે સ્વરૂપે પોકારીએ. પરંતુ નિષ્ઠાનો સવાલ છે, અચળ અને અનુપાયની ભક્તિ માટે એક નિષ્ઠ હોવું બહુ જરૂરી છે, અને રામરાજ્ય કે હિન્દુ રાષ્ટ્રની ઉદ્ઘોષણા એટલે જ પરિપૂર્ણ થતી નથી. કારણ કે આપણે ભગવાનને નામે કે ધર્મને નામે પણ અલગ અલગ સંપ્રદાયો કરી અને પોતાના ઈશ્વર જ મહાન, એવી વાતને બઢાવો દઈએ છીએ. લગભગ દરેક ધર્મમાં ઘણા બધા સંપ્રદાયો હોય છે, પણ છતાં એ લોકો એક જૂથ થઈ શકે છે, જ્યારે આપણે નથી થઈ શકતાં, એ આપણા ધર્મ પ્રત્યેની શ્રદ્ધાની નબળાઈ ગણો તો નબળાઈ છે,પણ હકીકત એ જ છે. બુદ્ધિનું સાત્વિક સ્વરૂપ સહજ સ્વીકાર કરતા શીખવે છે, અને ઘણી બધી નાની નાની વાતો સહજ સ્વીકારથી સહજ અને શ્રેષ્ઠ જ્ઞાન તરફ પણ દોરનારી હોય છે, અને એ જ્ઞાન નો પ્રકાશ જ પ્રભા છે,જેની આભા અત્યંત તેજસ્વી હોય છે,અને એ જ સ્વયં પ્રભા. આપણે સૌ આજે ભગવાન જગન્નાથ ની રથયાત્રાના દિવસે કે, પછી મા આદ્યશક્તિની ઉપાસના નાં બીજા દિવસે મનોમન આવી સ્થિર અને અચળ ભક્તિ શક્તિની દાત્રી, એવી સ્વયં પ્રભા સુધી બુદ્ધિ ને દોરી જઈ શકીએ, અને અચળ ભક્તિ ના વરદાન પ્રાપ્ત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ. લગભગ દરેક ધર્મમાં ઘણા બધા સંપ્રદાયો હોય છે, પણ છતાં એ લોકો એક જૂથ થઈ શકે છે, જ્યારે આપણે નથી થઈ શકતાં, એ આપણા ધર્મ પ્રત્યેની શ્રદ્ધાની નબળાઈ ગણો તો નબળાઈ છે,પણ હકીકત એ જ છે. બુદ્ધિનું સાત્વિક સ્વરૂપ સહજ સ્વીકાર કરતા શીખવે છે, અને ઘણી બધી નાની નાની વાતો સહજ સ્વીકારથી સહજ અને શ્રેષ્ઠ જ્ઞાન તરફ પણ દોરનારી હોય છે, અને એ જ્ઞાન નો પ્રકાશ જ પ્રભા છે,જેની આભા અત્યંત તેજસ્વી હોય છે,અને એ જ સ્વયં પ્રભા. આપણે સૌ આજે ભગવાન જગન્નાથ ની રથયાત્રાના દિવસે કે, પછી મા આદ્યશક્તિની ઉપાસના નાં બીજા દિવસે મનોમન આવી સ્થિર અને અચળ ભક્તિ શક્તિની દાત્રી, એવી સ્વયં પ્રભા સુધી બુદ્ધિ ને દોરી જઈ શકીએ, અને અચળ ભક્તિ ના વરદાન પ્રાપ્ત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# વૃક્ષને લીલું રાખવા માટે પાંદડાં પર પાણી છાંટવાની જરૂર નથી, મૂળમાં પાણી છાંટવાની જરૂર છે.



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



પૃથ્વી લોક પર એક જ માનવ જીવને જ એમ કહેવાય છે કે..માનવી માનવ થાય તો ઘણું.બીજા કોઈ જીવને માનવે એવું નથી કહયું કે કૂતરા તું કૂતરો થાય તો ઘણું.. માનવીને આવું કેમ કહેવું પડે છે જરા વિચારો..

જગતમાં કેટલાક તો તમે એમને માટે ઘણું કરશો તો પણ તમારું ખરાબ બોલવાના જ એટલે જગતને અને જગતના લોકોને સાંભળવાની કદી ઈચ્છા રાખશો નહીં,નહીં તો દુ:ખી થશો.આ નિંદા પચાવી શકે તેમ નથી. સ્તુતિ પણ પચાવી શકે તેમ નથી.

આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી,તેમ કરવું કઠણ છે. એક સમયે એક બાપ -દીકરો વોડા ને લઈ જતા હતા.દીકરાએ કહ્યું કે,બાપા,તમે ઘોડા ઉપર બેસો, હું ચાલીશ. બાપ ઘોડા ઉપર બેઠો. આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા. કહે, બાપ કેવો નિર્દય છે!નાનો છોકરો તાપ માં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે. આ સાંભળી પિતાએ પુત્રને કહ્યું, બેટા, તું થોડા ઉપર બેસ, હવે હું ચાલીશ. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ છોકરો નિર્લજ્જ છે! જુવાનજોધ થઈ પોતે ઘોડા ઉપર બેઠો છે અને પોતાના બુઢ્ઢા બાપને ચલાવે છે! આ સાંભળી પિતા—પુત્ર બંને ઘોડા ઉપર સાથે બેઠા.આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા નિર્દય છે! બે પાડા જેવા આ બિચારા નાના ટટ્ટુ ઉપર ચડી બેઠા છે. હવે બાપ- દીકરો બંને ટટ્ટુ ઉપરથી નીચે ઊતરી ગયા. હવે તેઓ ઘોડાને દોરીને લઈ જતા હતા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા મૂર્ખ છે?સાથે ઘોડો છે,પણ ચાલતા જાય છે. એક બેઠો તોય નિંદા,બે બેઠા તોય નિંદા! જગતમાં કેવું વર્તન રાખવું તે જ સમજ પડતી નથી.ત્યારે પરમાત્માને પ્રસન્ન કરવા એટલું કઠણ નથી. પરમાત્માને જે પ્રસન્ન કરી શકે તે જગતને પ્રસન્ન કરી શકે છે. કારણ ભગવાન જગતના ઉપાદાન કારણ છે.

રામચંદ્રજી કુટિલ સાથે પણ સરળ વ્યવહાર કરે છે ત્યારે શ્રીકૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે.

આ છે બંને અવતારોનો તફાવત. જગતને પણ રાજી કરી શક્યા નથી તો મનુષ્ય શું રાજી થવાનો હતો? સમાજને રાજા સુધારી શકે નહીં. સમાજને સંત સુધારી શકે. માટે જગતને ખુશ કરવાની વૃત્તિ છોડી ઈશ્વરને ખુશ કરો,પ્રસન્ન કરો.પ્રભુને પ્રસન્ન કરવાના ત્રણ માર્ગો નારદજીએ ચોથા સ્કંધમાં બતાવ્યા છે. સર્વ જીવો ઉપર ધંધા રાખવી,જે કાંઈ મળે તેનાથી સંતોષ માનવો અને ઈન્દ્રિયો ઉપર સંયમ કરવો. આથી ભગવાન તરત પ્રસન્ન થાય છે. આ ત્રણ ઉપાય જે કરે તેના ઉપર ભગવાન કૃપા કરે છે.નથી. ત્યારે વિષયો એવા છે કે, ન ભોગવવા છતાં તેનું ચિંતન માત્ર કરવાથી પણ મનુષ્યો મરે છે. ઝેર ખાવાથી જ મનુષ્ય મરે છે. તેનું ચિંતન કરવાથી કે ઝેર હાથમાં રાખવાથી મનુષ્ય માટે વિષયી વિષથી પણ બુરાં છે. એનો વિષવત ત્યાગ કરવો ઘટે.

ધ્રુવનું દૃષ્ટાંત એ સ્પષ્ટ કરે છે કે, દેવો મંત્રાધીન છે.નામ સ્વતંત્ર છે. રૂપ સ્વતંત્ર છે,તેથી સંતો નામ સ્વરૂપને વધુ મહત્ત્વ આપે છે. નામ હોય ત્યાં રૂપને પ્રત્યક્ષ થવું જ પડે છે. હજાર શિક્ષક જે જ્ઞાન નથી આપી શકતા તે જ્ઞાન માતા બાળકને આપી શકે છે સુનીતી બાળકને તપ કરવા મોકલે છે. જ્યારે આજની માતા બાળકને રૂપિયા આપી સિનેમા જોવા મોકલે છે. બંનેને બાળક પર પ્રેમ છે, પણ સુનીતિનો પ્રેમ બાળકના અંતિમ કલ્યાણને નજરમાં રાખે છે, જ્યારે આજની માતા કેવળ પજવતો બંધ થાય એટલું જ ચાહે છે. જેને ભાઈમાં ભગવાન દેખાતા નથી એ ભગવાનની ભક્તિ કદી કરી શકતા નથી, અને કરે તો એમાં પણ એ ઈશ્વરને છેતરે છે.ભગવાનની પૂજા મંદિરમાં થાય છે એવું નથી.ઈશ્વર તો સર્વવ્યાપક છે. એટલે પરમાત્માની પૂજા સર્વ ઠેકાણે થઈ શકે છે.કોઈપણ જીવ ને સુખ-સંતોષ આપો એ પણ પૂજા છે,કારણ કે દરેક જીવ ઈશ્વર નો જ અંશ છે. જીવ અને ઈશ્વર જુદા નથી.સત્તાથી તો જીવ એ ઈશ્વરનું જ પ્રતિબિંબ છે. સૂર્ય એક હોવા છતાં જેમ પાણીનાં જુદાં જુદાં પાત્રોમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ દેખાય છે, તેમ ચેતન પરમાત્માનાં પણ અનેક જીવમાં પ્રતિબિંબ પડે છે. જીવ ઈશ્વરમાં જે ભેદ છે એ ડાંગર અને ચોખા જેવો છે. ડાંગર અને ચોખામાં જેમ કોઈ ફેર નથી, એમ જીવ અને ઈશ્વરમાં પણ કંઈ ફેર નથી પણ ભાત ચોખાનો થાય છે, ડાંગરનો નથી થતો. ડાંગર થોડો ખંડાવા રૂપે માર ખાય છે ત્યારે એ ચોખ્ખો બને છે. એમ જીવ પણ તપ અને ભક્તિ કરે ત્યારે એ પરમાત્મા બને છે. માટે સર્વ શરીરમાં ચૈતન્યરૂપે ઈશ્વર જ રહેલો છે એમ માનીને સર્વને સુખ આપો એ પણ પૂજા છે. તમે કોઈને સુખ ન આપો તો કંઈ વાંધો નહીં, પણ કોઈને દુ:ખ આપશો નહીં. પૂજા એ જ કરી શકશે જેનું હૃદય વિશાળ છે. જેની આંખમાં કામ અને પૈસો છે એ કઈ રીતે પરમાત્માની પૂજા કરી શકવાનો છે? ભિખારી ભીખ માગવા નથી આવતો પણ આપણને એ બોધ આપવા આવે છે કે, મેં ન આપ્યું તેથી મારી આવી દશા થઈ. તમે નહીં આપો તો તમારી પણ આવી દશા થશે. આમ ભિખારી પણ ગુરુ છે. એનામાં પણ ભગવદ ભાવ રાખો. જગતને રાજી કરવું મુશ્કેલ છે, પણ જે પરમાત્માને રાજી કરે છે તે જગતને રાજી કરે છે. વૃક્ષને લીલું રાખવા માટે પાંદડાં પર પાણી છાંટવાની જરૂર નથી, મૂળમાં પાણી છાંટવાની જરૂર છે. જગત એ વૃક્ષનાં પાંદડાં જેવું છે અને વૃક્ષનું મૂળ પરમાત્મા છે. એટલે જગતને રાજી રાખવાની વ્યર્થ ભાંજગડમાં પડશો નહીં. હું જ પુરંજન છું, એમ વિચારી આ લેખનું વારંવાર વાંચન ચિંતન કરજો.

વાચક ચાહક મિત્રો,હર હર મહાદેવ ઘર ઘર મહાદેવ..આજે સોમવાર છે. મહાદેવજી સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# આ જ્યૂસ પીવાથી વધે છે આંખોની રોશની, ચશ્માના નંબર પણ જતા રહેશે



આંખોની રોશની વધારવા માટે લોકો અનેક પ્રકારના નુસખાઓ અજમાવતા હોય છે. આમ, તમે આ જ્યૂસ ઘરે બનાવીને પીઓ છો તો હેલ્થથી લઈને આંખોને અનેક ઘણો ફાયદો થાય છે. આ જ્યૂસ પીવાથી ઈમ્યુનિટી સિસ્ટમ પણ સ્ટ્રોંગ થાય છે. ખરાબ દિનચર્યા અને તણાવને કારણે આંખોમાં સોજા, ઝાંખુ દેખાવુ, આંખો ખેંચાવી, ચશ્માના નંબર વધારે હોવા..એમ વગેરે જેવી સમસ્યાઓ થતી હોય છે. આ માટે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. આમ, તમને પણ આંખોને લગતી આ સમસ્યાઓ થાય છે તો આ જ્યૂસ તમારા માટે બેસ્ટ છે. સંતરામાંથી બનાવવામાં આવતો આ જ્યૂસ તમે દરરોજ પીઓ છો તો આંખોની રોશની વધે છે અને સાથે હેલ્થને પણ અનેક ઘણો ફાયદો થાય છે. તો જાણો આ વિશે તમે પણ વધુમાં અને આ જ્યૂસ બનાવો. તમારી આંખો નબળી છે તો તમે સૌથી પહેલા આ જ્યૂસ બનાવો અને પીવાનું શરૂ કરી દો. આ જ્યૂસ બનાવવા માટે સૌ પ્રથમ બેથી ત્રણ સંતરાની સ્લાઈસ, ગાજરની સ્લાઈસ, એક ચમચી મધ અને કોબીજ મિક્સ કરીને ગ્રાઈન્ડરમાં નાખીને પીસી લો. હવે તમે એક ગ્લાસ પાણીમાં આ પેસ્ટ નાખો અને મિક્સ કરો. પછી આ જ્યૂસ થોડો-થોડો કરીને પીઓ. આ જ્યૂસ તમે દરરોજ પીઓ છો તો આંખોની રોશની વધે છે. આંખોને લગતી કોઈ પણ તકલીફને દૂર કરવા માટે આ જ્યૂસ સૌથી બેસ્ટ છે. આ જ્યૂસ પીવાથી શરીરમાં સ્ટેમિના પણ બની રહે છે. તમારા ઘરમાં કોઈને ચશ્માના નંબર વધારે છે તો તમે આ જ્યૂસ પીવડાવવાનું શરૂ કરી દો. આ જ્યૂસ પીવાથી સ્કિન પણ સારી થાય છે. સ્કિનને લગતી કોઈ સમસ્યા છે તો તમે આ જ્યૂસ પીવાનું શરૂ કરી દો. આ જ્યૂસ તમે રેગ્યુલર બાળકોને પણ પીવડાવી શકો છો. આ જ્યૂસ તમે દરરોજ સવારમાં પીઓ છો તો ફાયદો થાય છે. સંતરામાંથી બનેલો આ જ્યૂસ તમારી ઈમ્યુનિટી સિસ્ટમ પણ સ્ટ્રોંગ કરે છે. આ જ્યૂસ મોટી ઉંમરના લોકોને પણ તમે પીવડાવી શકો છો. આ સાથે તમે એક્સેસાઈઝ પણ કરી શકો છો. એક્સેસાઈઝ તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. એક્સેસાઈઝ માટે તમે એક્સપર્ટની સલાહ લઈ શકો છો. જો તમને પણ વસ્તુઓ જોવામાં તકલીફ પડવા લાગી છે, તો તમારે તમારી આંખોની રોશની વધારવા પર ધ્યાન આપવાની જરૂર છે.

# ખરતાં કે ધોળા થતા વાળ માટે આયુર્વેદનો ચમત્કાર, ઘરે બેઠા બનાવો ઔષધ



ફાસ્ટફૂડ અને તળેલા-મરચા મસાલાયુક્ત આહારને કારણે શરીરના અનેક અવયવોનો વિકાસ રૂંધાય છે. ખાસ કરીને તેની અસર સ્કીન અને વાળ પર તુરંત જ દેખાય છે. જોકે, સદનસીબે વાળના વિકાસ માટે આયુર્વેદિક ટિપ્સ કામમાં આવી શકે છે. આજની અત્યાધુનિક લાઈફમાં માનવ શરીરનું સંભાળ રાખવામાં દરેક વ્યક્તિ ક્યાંકને ક્યાંક થાપ ખાઈ જાય છે. ફાસ્ટફૂડ અને તળેલા-મરચા મસાલાયુક્ય આહારને કારણે શરીરના અનેક અંગો-અવયવોનો વિકાસ રૂંધાય છે. ખાસ કરીને તેની અસર તમારી સ્કીન અને વાળ પર તુરંત જ દેખાય છે. જોકે, સદનસીબે વાળના વિકાસ માટે આયુર્વેદિક ટિપ્સ કામમાં આવી શકે છે. ભૃંગરાજ જાણીતી આયુર્વેદિક ઔષધિ છે. ભૃંગરાજનો અર્થ થાય છે "ઔષધિઓનો રાજા." તે માથામાં ટાલ પડતી અટકાવે છે. વાળને પાતળા કરવામાં મદદ કરે છે.

આ અક્સીર ઉપાય માટે મુઠ્ઠીભર ભૃંગરાજના પાન અથવા ૫-૬ ચમચી સૂકો પાવડર જોઈશે. આ પાંદડા અથવા પાઉડરને થોડા પાણી સાથે બ્લેન્ડ કરો. પેસ્ટને તમારા વાળના મૂળિયામાં લગાવો અને ૨૦ મિનિટ માટે રહેવા દો. ત્યારબાદ શેમ્પૂ વડે ધોઈ લો. તમે ભૃંગરાજનો ઉપયોગ આમળા અને તુલસી સાથે પણ કરી શકો છો. વાળના ગ્રોથ માટે ભૃંગરાજ તેલથી અઠવાડિયામાં ત્રણ વખત માથાની ચામડી પર માલિશ કરો. આમળાનો ઉપયોગ માત્ર વાળ ખરતા રોકે છે. આમળા ખોડો દૂર કરે છે. ખોપરી ઉપરની ચામડીના સ્વાસ્થ્યને સુધારે છે. ૫-૬ ચમચી આમળાનો પાવડર અને ૫-૬ ચમચી પાણી ભેગું કરીને એક બાઉલમાં પેસ્ટ બનાવો. આ પેસ્ટને વાળમાં લગાવી ૩૦ મિનિટ સુધી રાખી બાદમાં શેમ્પૂથી ધોઈ લો. અઠવાડિયામાં ત્રણ વાર આ પ્રક્રિયા કરી શકો છો. લીમડાનો ઉપયોગ ત્વચાની સંભાળ અને વાળ ખરવાના ઉપચાર તરીકે કરવામાં આવે છે. માથાની ચામડી પર લીમડાનો નિયમિત ઉપયોગ રક્ત પરિભ્રમણને સુધારે છે.

આ આયુર્વેદિક ઉપચારમાં લીમડાના પાનને પાણીમાં ૧૫ મિનિટ સુધી ઉકાળો અને પછી તેને ઠંડા થવા માટે બાજુ પર રાખો. પાણી ઠંડુ થઈ જાય તો તેને ગાળી લો. એક જગમાં લીમડાનું પાણી ભેગું કરો. અઠવાડિયામાં ત્રણ-ચાર વાર તમારા વાળને ધોઈને કન્ડિશન કરો અને અંતિમ વોશમાં લીમડાનું પાણી રેડો. તમારા વાળના ગ્રોથ માટે અશ્વગંધા એક અદ્ભભુત જડીબુટી છે. તે ખરતા વાળ અટકાવવામાં મદદ કરે છે. કોર્ટિસોલ હોર્મોન વાળ ખરવાનું કારણ હોય છે અને તે વાળના ગ્રોથને ધીમો પાડે છે. અશ્વગંધાના ઉપયોગથી કોર્ટિસોલનું સ્તર નિયંત્રિત થઈ જાય છે. તે એન્ટીઑકિસડન્ટની ગતિવિધિને પણ વધારે છે. સ્કેલ્પ સર્કુલેશનમાં મદદ કરે છે. ડેન્ડ્રફની સમસ્યા પણ દુર કરે છે. એક બાઉલમાં ૩ ચમચી સૂકો અશ્વગંધા પાવડર,૩ ચમચી સૂકો આમળા પાવડર, ૬ ચમચી પાણીને મિક્સ કરીને પેસ્ટ બનાવો, જ્યાં સુધી આ પેસ્ટ એક ગઢ પેસ્ટ ન બની જાય ત્યાં સુધી મિક્સ કરતા રહો. આ પેસ્ટને ઢીલી કરવા માટે થોડુ પાણી મિક્સ કરી શકો છો. હવે આ પેસ્ટને પોતાના વાળ અને વાળની સ્કિન પર લગાવો. આ પેસ્ટને વાળ પર ૩૦ મિનિટ સુધી રહેવા દો અને પછી શેમ્પૂથી ધોઈ લો. આવું તમે અઠવાડિયામાં ત્રણ વાર કરી શકો છો.

# શું બીજીવાર ગરમ કરવાથી ચા બની જાય છે ઝેર?



ઘણીવાર આપણે ચા બનાવીએ છીએ અને તેને પીવાનું ભૂલી જઈએ છીએ. બાદમાં તે ઠંડી થઈ જાય છે અને પછી તેને ગરમ કરીને ફરી પીએ છીએ. પરંતુ, શું તમે જાણો છો કે તે તમારા માટે ઝેર સાબિત થઈ શકે છે? ચા માત્ર એક પીણું નથી પરંતુ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે. મોટાભાગના લોકો તેમના દિવસની શરૂઆત ચાથી કરે છે. કેટલાક લોકોને દિવસમાં બે-ત્રણ વખત ચા પીવાની આદત હોય છે. જો કે કેટલીક રિસર્ચમાં વધુ પડતી ચા પીવાના ગેરફાયદા પણ સામે આવ્યા છે. પરંતુ, લોકો તેના પર વિશ્વાસ કરતા નથી. ઘણા લોકો એવા છે જે દિવસમાં ૫ થી ૬ વખત ચા પીવે છે. કેટલીકવાર લોકો વધારે પડતી ચા બનાવે છે અને પછી જ્યારે તેમને ફરી ચા પીવી હોય ત્યારે તેઓ તેને ફરીથી ગરમ કરીને પીવે છે. પણ ચા ફરી ગરમ થાય ત્યારે ઝેર બની જાય છે? નિષ્ણાતોના મતે, જો ચા તૈયાર થયાને ચાર કલાક થઈ ગયા છે, તો પછી કોઈપણ કિંમતે તેનો ફરીથી ઉપયોગ ન કરવો જોઈએ. કારણ કે ત્યાં સુધીમાં ઘણા બેક્ટેરિયા તેમાં આવવા લાગે છે. જો તમે તેને તૈયાર કરીને એક કે બે કલાક માટે છોડી દો તો પણ તેમાં બેક્ટેરિયા વધવાનું જોખમ રહે છે. જો તમે દૂધવાળી ચા બનાવી હોય તો તેમાં બેક્ટેરિયા ઝડપથી વધે છે. ભારતમાં મોટાભાગના લોકો દૂધની ચા જ પીવે છે. તેથી દૂધની ચાને ફરીથી ગરમ કરવાનો પ્રયાસ કરશો નહીં. બીજી તરફ, ઘણીવાર આપણે ચા બનાવીએ છીએ ત્યારે તેમાં દૂધની સાથે ખાંડ પણ ઉમેરીએ છીએ. ખાંડ વધુ બેક્ટેરિયાને આમંત્રણ આપે છે. જ્યારે તમે દૂધ અને ખાંડ સાથે ચા બનાવો છો અને જ તે ઠંડી થાય છે ત્યારે તે ખૂબ જ ઝડપથી બગડે છે. ઉનાળાની ઋતુમાં, જ્યારે તાપમાન ખૂબ જ વધારે હોય છે, ત્યારે ચા ઠંડી થયા પછી ખૂબ જ ઝડપથી બગડવા લાગે છે. એટલે કે ઉનાળામાં આવું બિલકુલ ન કરવું. જો કે એ પણ સાચું છે કે જો તમે ઠંડી ચાને ફરીથી ગરમ કરીને પીશો તો તે ઝેર બની જશે તેની કોઈ ગેરંટી નથી. પરંતુ ટેસ્ટ, પોષણ વગેરેને લગતી સમસ્યાઓ છે. જો તમે ઠંડી ચાને ફરીથી ગરમ કરીને પીઓ છો, તો તેની ઘણી આડઅસર થાય છે. અને પેટની સમસ્યા થઈ શકે છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને, સારું રહેશે કે ઠંડી ચા ગરમ કરીને ન પીવી જોઈએ.

# સવારે પાણી પીવાના થાય છે અઢળક ફાયદા



આપણે જયારે સવારે ઉઠીએ છીએ, ત્યારે આપણા પેટમાં એટલે કે આપણી હોજરીમાં આખી રાત્રી નું એસિડ ખૂબ જ માત્રામાં એકઠું થયેલું હોય છે. પેટમાં એકઠા થયેલા એસિડ ને નાબૂદ કરવા માટે પાણી પીવું જોઈએ. વાસી મોઢે એટલે સવારે ઉતાવળ કર્યા વગર કંઈપણ ખાધા વગર સીધું પાણી પીવાનું અને જો પાણી થોડું હૂંફાળું હોય તો સોનામાં સુહાગ ભળે, પણ જરૂરી નથી કે ગરમ પાણી જ પીવું. તમે સાદું પાણી પણ પી શકો છો. સૌથી પહેલાં તો આ પાણીને ઉભા ઉભા તો બિલકુલ નથી પીવાનું. આના માટે સૌથી શ્રેષ્ઠ મુદ્રા છે આપણે ઘૂંટણ પર બેસીને ધીરે ધીરે પીણી પીવો. તેનાથી ફાયદો થશે કે આપણને ભવિષ્યમાં ક્યારેય ઘૂંટણને લગતી કોઈપણ સમસ્યા નહીં થાય. જેનાથી તમારી આંખોની રોશની વધે, વાળ ખરવાનું બંધ થઈ જશે. આ સિવાય અન્ય ૧૦ મોટા ફાયદા થશે. જેમાં ખાટા ઓડકારથી રાહત, શરીરને ત્વરિત ઊર્જા મળવી, કિડનીની સ્વસ્થતા, સાંધાનો દુખાવો મટવો, ત્વચા પર ચમક, ખરતા વાળ અટકવા, વજન ઓછું થવું, પેશાબમાં બળતરા દૂર થવી, રોગપ્રતિકારક શક્તિમાં વધારો, મગજ વધુ સતેજ જેવા અનેક ફાયદા થાય છે. વજન ઘટાડવા હળવુ ઠંડુ પાણી પીવાથી ચયાપ ચયની ક્રિયામાં વધારો થાય છે. કિડનીની કાર્યક્ષમતા વધે છે કિડની દિવસ દરમિયાન લોહી ને સાફ કરતુ રહે છે. તેની સાથે પેશાબને શરીરનો વધારાનો કચરો પણ સાફ થતો રહે કિડનીને સારી રીતે કામ કરવા માટે પૂરતા પ્રમાણમાં પાણીની ખૂબ જ જરૂર પડે છે. સવારે વાસી મોઢાએ પાણી પીવું ખૂબ જ ફાયદાકારક હોય છે. સવારે ઉઠીને માટલાનું પાણી પીવું સૌથી વધુ લાભદાયી છે. માટલાનું પાણી પીવાથી શરીર હાઈડ્રેડ રહે છે. શરીરને ઠંડક મળે છે અને શરીરમાં જમા ટોક્સિંસ પણ સરળતાથી નીકળી જાય છે. પરંતુ જો તમારી આસપાસ માટલું નથી તો તમે નોર્મલ અથવા તાજુ પાણી પી શકો છો. ફ્રીજનું પાણી ન પીવું જોઈએ. માટલાનું પાણી સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. માટલાનું પાણી ટીડીએસને ઓછું કરી શકે છે. સાથે વધારી પણ શકે છે. ખાસ કરીને ગરમીમાં માટલાનું પાણી સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી હોય છે. માટલાનું પાણી પિત્તને સંતુલિત કરે છે. સાથે જ પેટની સમસ્યાને પણ દૂર કરે છે.

BOLLYWOOD NEWS FLASH


# સાઉથની હોટ એક્ટ્રેસ બનશે ગુજરાતની વહુ



। મુંબઈ, તા.૨૯ ।

સાઉથની પ્રખ્યાત અભિનેત્રી અમલા પોલ ગુરુવારે તેનો ૩૨મો જન્મદિવસ ઉજવી રહી છે અને આ દરમિયાન તેણે સગાઈ કરી લીધી. તેણે ફેન્સને સરપ્રાઈઝ આપી છે. હકીકતમાં તે પણ ચોંકી ગઈ હતી જ્યારે તેના બોયફ્રેન્ડે તેને આવું સરપ્રાઈઝ આપ્યું હતું. હા, બોયફ્રેન્ડ જગત દેસાઈએ અમલા પોલને તેના જન્મદિવસ પર પ્રપોઝ કર્યું છે. અભિનેત્રીનો એક ક્યૂટ વીડિયો પણ સામે આવ્યો છે.

# દિપીકા પાદુકોણના વખાણ કરવામાં રણવીર સિંહ ફસાયો



। મુંબઈ, તા.૨૯ ।

કોફી વિથ કરણ નું ૮મી સિઝન ૨૬ ઓક્ટોબરના રોજ શરુ થઈ ગઈ છે. જેમા સૌથી પહેલા ગેસ્ટ તરીકે બોલીવુડના જાણીતી જોડી રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની એન્ટ્રી થઈ છે. આ દરમ્યાન કરણ જોહરે બન્નેને તીખા અને ટમટમતા સવાલો પુછ્યા હતા. કરણ જોહરના કોન્ટ્રોવર્સિયલ સવાલો વચ્ચે રણવીર અને દીપિકાએ તેમની લવ સ્ટોરી સંભળાવી હતી. રણવીરે કહ્યું કે તેમની પહેલી મુલાકાત કેવી હતી અને એ મુલાકાત ક્યાં થઈ હતી. તેનો વીડિયો ખૂબ જ વાયરલ થયો હતો અને આ જોતાની સાથે ફેન્સને રણવીર સિંહની જુની ગર્લફ્રેન્ડ અને એક્ટ્રેસ અનુષ્કા શર્માની યાદ આવી ગઈ હતી. લોકો જોરદાર રીતે રણવીર સિંહને સોશિયલ મીડિયા પર ટ્રોલ રહ્યા છે અને તેમનું કહેવું છે કે, તેમણે બન્નેના વખાણમાં એક જેવી વાતો કહી રહ્યા છે. હાલમાં જ જ્યારે રણવીર સિંહે કરણ જોહરના શો માં 'કોફી વીથ કરણ' સીઝન ૮માં પત્નિ દીપિકા પાદુકોણ સાથેની મુલાકાતની સ્ટોરી સંભળાવી તો તેના ફેન્સ આશ્ચર્યમાં આવી ગયા હતા. નેટીજન્સ જુના વીડિયો જાહેર કરીને એક્ટ્રસને ખૂબ જ ખરી ખોટી સંભળાવી રહ્યા છે. લોકોનું કહેવું છે કે, તેમણે તેમની જુની લવ સ્ટોરી જ ફરી સંભળાવી છે. ફેન્સ તેમણે યાદ કરાવતા કહ્યુ કે, જ્યારે વર્ષ ૨૦૧૧માં સેલિબ્રિટી ચેટ શો માં રણવીર સિંહ અનુષ્કા સાથે આવ્યો હતો.

# ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેવા મુંબઈ આવી પ્રિયંકા ચોપરા

। મુંબઈ, તા.૨૯ ।

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા શુક્રવારે પરોઢિયે મુંબઈ આવી પ હોંચી છે. પ્રિયંકા ચોપરા ખાસ કારણથી મુંબઈ આવી હતી. જિયો મામી ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૩ના ઉદ્‌ઘાટન માટે પ્રિયંકા ચોપરા મુંબઈ આવી હતી. પ્રિયંકા ચોપરા સાતેક મહિના બાદ મુંબઈ આવી છે ત્યારે તેની ઝલકને કેમેરામાં કેદ કરવા માટે મીડિયાના ફોટોગ્રાફર્સ ઉત્સુક હતા. પ્રિયંકાને એરપોર્ટ પર જોતાં જ તેને કેમેરામાં કેદ કરવા માટે ફોટોગ્રાફર્સ પડાપડી કરવા લાગ્યા હતા. લાંબી મુસાફરી કરીને ભારત આવેલી પ્રિયંકા ચોપરાએ બ્લેક રંગનું ક્રોપ ટોપ, લોન્ગ કોટ અને કમ્ફર્ટેબલ પેન્ટ પહેર્યું હતું. પ્રિયંકા ચોપરા કેઝ્‌યુલ લૂકમાં જોવા મળી હતી પરંતુ તેણે ગળામાં પહેરેલા નાનકડા ડાયમંડ નેકલેસ અને હાથમાં મોટા ડાયમંડવાળી વીંટીએ ધ્યાન ખેંચ્યું હતું. પ્રિયંકા ચોપ



રા એરપોર્ટથી નીકળીને પોતાની કાર તરફ જઈ રહી હતી એ દરમિયાન તેનો ફોટો પાડવા માટે ફોટોગ્રાફર્સ તેની આગળ ચાલી રહ્યા હતા. પ્રિયંકા ચોપરા પોઝ આપવાની સાથે વારંવાર ફોટોગ્રાફર્સને ચાલતા રહેવાનું કહી રહી હતી. જોકે, એક સમય એવો આવ્યો જ્યારે એક્ટ્રેસ માટે ચાલવાની જગ્યા ના રહેતા તે સહેજ અકળાઈ ગઈ હતી. તેણે ફોટોગ્રાફર્સને કહ્યું હતું કે, 'થોડા આગળ ચાલો'. એરપોર્ટ પર પ્રિયંકા ચોપરા બોડીગાર્ડથી ઘેરાયેલી જોવા મળી હતી. ફોટોગ્રાફરોની અને લોકોની ભીડ તેને જોવા વધી રહી હતી ત્યારે પ્રિયંકાએ તેની સિક્યોરિટી ટીમના સભ્યને રસ્તો ક્લિયર કરવા કહ્યું હતું, જેથી તે ઝડપથી કારમાં બેસી શકે. કારમાં બેસતાં પહેલા પ્રિયંકા ચોપરાએ સહેજવાર અટકીને મીડિયાના ફોટોગ્રાફર્સને પોઝ પણ આપ્યા હતા. જણાવી દઈએ કે, પ્રિયંકા ચોપરા જીયો મામી મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે આવી છે. ૨૭ ઓક્ટોબરથી ૫ નવેમ્બર સુધી નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ખાતે આ ફેસ્ટિવલ યોજાવાનો છે. આ વર્ષના ફેસ્ટિવલમાં ૪૦થી વધુ ફિલ્મોનું વર્લ્ડ પ્રીમિયર થશે, ૪૫ એશિયા પ્રીમિયર અને ૭૦થી વધુ સાઉથ એશિયા પ્રીમિયર થવાના છે. આ ફેસ્ટિવલનો હેતુ સાઉથ એશિયામાં રહેલા સિનેમેટિક ટેલેન્ટને દર્શાવવાનો તેમજ વર્તમાન ફિલ્મો પર પ્રકાશ પાડવાનો છે. આ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રિયંકા ચોપરા જોનસ ઉપરાંત ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા કલાકારો જેવા કે, કરીના કપૂર ખાન, કરણ જોહર, સોનમ કપૂર, કમલ હાસન, મણિ રત્નમ, હંસલ મહેતા, એકતા કપૂર, ભૂમિ પેડનેકર, માનુષી છિલ્લર, અલી ફઝલ, શોભિતા ધૂલિપાલા વગેરે હાજરી આપશે.

# કેટરિનાના અનુભવે સિક્વન્સને સરળ બનાવી દીધું હતું : મિશેલ

। મુંબઈ, તા.૨૯ ।

સલમાન ખાન અને કેટરીના કૈફની આગામી ફિલ્મ 'ટાઈગર ૩' છે. તે દિવાળીના અવસર પર ૧૨ નવેમ્બરે રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં હોલીવુડ અભિનેત્રી અને સ્ટંટવુમન મિશેલ લી પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. મિશેલે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં કેટરિના કૈફ સાથેના શૂટિંગનો પોતાનો અનુભવ શેર કર્યો હતો. તેણે ટોવેલ ફાઈટ સીન વિશે પણ વાત કરી જે 'ટાઈગર ૩' ના ટ્રેલર રિલીઝ થઈ ત્યારથી ચર્ચાનો મુદ્દો છે. મિશેલે જણાવ્યું કે આ સિક્વન્સનું શૂટિંગ કરતા પહેલા કેટરીના અને તેણે લગભગ બે અઠવાડિયા સુધી રિહર્સલ કર્યું હતું. મિશેલે કહ્યું, 'મને આશ્ચર્ય નથી થયું. જ્યારે અમે તેનું શૂટિંગ કરી રહ્યા હતા અમે તેનું શૂટિંગ કરતા પહેલા બે અઠવાડિયા સુધી પ્રેક્ટિસ કરી હતી.આ માટે ટર્કિશ હમ્મામ સેટ બનાવવામાં આવ્યો હતો જે ખૂબ જ સુંદર હતો અને અમને ત્યાં લડવાની મજા આવી હતી. ઈન્ટરનેશનલ ફિલ્મમાં કામ કરવાની હંમેશા મજા આવે છે. મિશેલે આ ક્રમ દરમિયાન કેટરિનાના સમર્પણની પણ પ્રશંસા કરી હતી. તેણે કહ્યું, 'આ સીનમાં કેટરીનાએ ખૂબ જ પ્રોફેશનલ કામ કર્યું છે. આ માટે તેણે ઘણી મહેનત કરી. તેમના



કોરિયોગ્રાફીના અનુભવે આ ક્રમને સરળ બનાવવામાં મદદ કરી. આ સીન માટે અમે ઘણો પરસેવો પાડ્યો હતો. શૂટિંગ દરમિયાન સામનો કરવામાં આવેલા પડકારો વિશે વાત કરતાં મિશેલે કહ્યું, 'નિશ્ચિતપ ણે અમારો કપડા આ સીનનો સૌથી મોટો પડકાર હતો. સીનમાં ટુવાલ સંભાળતી વખતે અમારા માટે લડવું ખૂબ મુશ્કેલ હતું. આ પછી અમે કેટલીક જગ્યાએ ટુવાલને સિલાઈ કર્યો અને તેનાથી ઘણો ફાયદો થયો. આ સિવાય બીજો પડકાર એ હતો કે અમારે એકબીજાથી પરફેક્ટ અંતરે લડવાનું હતું જેથી અમે એકબીજાને નુકસાન ન પહોંચાડીએ. જો કે, અમે બંને આ બાબતમાં ખૂબ જ પ્રોફેશનલ હતા, તેથી અમે એકબીજાને નુકસાન પહોંચાડ્યું ન હતું અને બધું સારી રીતે શૂટ કરવામાં આવ્યું હતું.

# પ્રેમ, ગુસ્સા અને લાગણીથી ભરપૂર છે રશ્મિકા મંદાનાની ફિલ્મનું નવું ગીત

। મુંબઈ, તા.૨૯ ।

બોલિવુડ અભિનેતા રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાની ફિલ્મ એનિમલ રિલીઝ થવાની તૈયારીમાં છે. ફિલ્મની રિલીઝ પહેલા જ ફેન્સમાં આ ફિલ્મને લઈને ભારે ઉત્સાબ છે. મેકર્સે હાલમાં આ ફિલ્મનું બીજું સોન્ગ રિલીઝ કર્યું છે. આજે એનિમલ ફિલ્મનું નવુ ગીત 'સતરંગા' રિલીઝ થયુ છે. આ ગીતમાં રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાની જોડી સૌનું ધ્યાન ખેંચી રહી છે. ફિલ્મના મેકર્સે લોન્ચ કરેલું એનિમલ સોન્ગ સતરંગા સોન્ગ રિલીઝ થતાની સાથે જ ઈન્ટરનેટ પર ધમાલ મચાવી રહ્યું છે. આ સોન્ગમાં કરવા ચૌથના વ્રતની ઝલક જોવા મળી રહી છે. રશ્મિકા એક સીનમાં રણબીર કપ ૂરની સામે કરવા ચૌથનો વ્રત તોડતી જોવા મળી રહી છે. રણબીરનો લાંબા વાળનો લુક પહેલા જ રિલીઝ થઈ ચૂક્યો છે.



ટ્રેલર જોઈને રણબીરના ફેન્સ આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સતરંગા સોન્ગથી આ ફિલ્મની વાર્તા સમજવા મળી રહી છે. રણબીરને ઘરે મોડેથી આવે છે. તેની પત્ની અને બાળકો તેની રાહ જોતાજોતા સૂઈ જાય છે. આ સોન્ગમાં રશ્મિકા લાલ સૂટમાં ખુબ જ સુંદર લાગી રહી છે. રણબીરને જોઈ રશ્મિકા ઝડપથી કરવા ચૌથનો વ્રત તોડવાની વિધી કરતી જોવા મળે છે. આ ઈમોશનલ સોન્ગ અરિજીત સિંહના અવાજને કારણે વધારે સુંદર લાગી રહ્યું છે.

સતરંગા ગીત આ ફિલ્મનું બીજું ગીત છે. આ ફિલ્મને સંદીપ વાંગા રેડ્ડીએ ડાયરેક્ટ કરી છે. આ ફિલ્મમાં રણબીર અને રશ્મિકા સ્ક્રીન શેયર કરતી જોવા મળે છે. ૧ નવેમ્બરે કરવા ચૌથનો વ્રત રાખવામાં આવે છે. તે પહેલા કરવા ચૌથના આ સોન્ગને રિલીઝ કરવાનો પ્લાન ખુબ જ સારો રહ્યો.

# ઝાલોદ નગરપાલિકાનું સ્વચ્છતા મિશન ફક્ત કાગળ પર : નગરની ચારેબાજુ ગંદકીના ઢગલા

## નગરમાં વાઈબ્રન્ટ દિવાળીની ઉજવણી થઈ જવા રહી છે તેમાં નગરપાલિકા સફાઈ મુદ્દે કેટલી ખરી ઉતરસે



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ નગરમાં વણિક સમાજ દ્વારા વાઈબ્રન્ટ દિવાળીની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે તેમાં સમગ્ર નગરમાં સાફસફાઈ તેમજ ગંદકીના રહે તે માટે નગરપાલિકા પાસે અપેક્ષા રાખી રહેલ છે. બીજી બાજુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશ ,રાજ્ય , જિલ્લા, તાલુકા તેમજ ગ્રામ પંચાયત પાસે સ્વચ્છ અભિયાનના સંકલ્પ લેવડાવી રહેલ છે. ઝાલોદ નગરપાલિકા દ્વારા પણ નગરમાં સ્વચ્છ અભિયાન હેઠળ ખાના પૂર્તિ તેમજ ફોટા પડાવડાવી સ્વચ્છ નગર માટેના કાર્યક્રમો કરવામાં આવ્યા પણ નગરમાં વાસ્તવિક પરિસ્થિતિ કઈ જૂદી જોવા મળી રહેલ છે.

ઝાલોદ નગરમાં સ્વચ્છતાની કમી દરેક વિસ્તારમાં જોવા મળે છે. ગટરમાં ગંદકી, રસ્તા પર કચરાના ઢગલા, સોસાયટી વિસ્તારની બહાર ગંદકીના ઢગલા નજરની સામે જોવા મળે તેમ છે. નગરપાલિકા નગરની કોઈ પણ કામગીરીમાં ખરી ઉતરતી જોવા મળતી નથી. નગરના ઈન્ચાર્જ ચીફ ઓફિસરે કોઈ દિવસ નગરમાં જઈ વાસ્તવિક પરિસ્થિતિ જોવાનો પ્રયત્ન કરેલ નથી. નગરની પ્રજા ટેક્સ ભરવા છતાંય પ્રાથમીક સુવિધાઓ મેળવવા પાલિકા પાસે કરગરતી હોય તેવું લાગી રહેલ છે. નગરને સ્વચ્છ, સુંદર કેવી રીતે બનાવવું તેનાં પર કોઈ વિકાસ જોવા મળતો નથી. નગરજનોના લોકમુખે ચર્ચાઈ રહેલ છે કે નગરને સફાઈ અને સુંદર બનાવવા કરોડોની ગ્રાંટ આવે છે તો તે ગ્રાંટ ક્યાં જાય છે.. ફક્ત કાગળ પર જ કામગીરી બતાવવામાં આવે છે કે શું... ગ્રાન્ટના ઉપયોગ પછી કોઈ અધિકારી નગરમાં થતી કામગીરી ચેક કરવા આવે છે કે નહીં.. આવા ઘણા બધા સવાલો નગરમાં ચર્ચાઈ રહેલ છે.

નગરના એક પૂર્વ કોર્પોરેટર દ્વારા નામ ન આપવાની શરતે એમ કહ્યું હતું કે નગરપાલિકા પાસે વાહનો ભંગાર હાલતમાં છે તેમજ સફાઈ માટે વાહનોનો અભાવ છે. જેથી વાહન વગર દરેક વિસ્તારમાં સફાઈ માટે પહોંચી વળવું શક્ય નથી. હાલ ઝાલોદ નગરમાં નગરપાલિકા નગરજનોને સફાઈ અંગે લોલીપોપ બતાવતી હોય તેમ લાગી રહ્યું છે.

## અવારનવાર મોબાઇલ મળી આવવાના કિસ્સા વારંવાર બન્યા કરે છે

# વડોદરા મધ્યસ્થ જેલમાંથી ત્રણ કેદી પાસેથી બે મોબાઈલ અને સીમકાર્ડ મળી આવ્યા





। વડોદરા, તા.૨૯ ।

વડોદરા મધ્યસ્થ જેલમાંથી વધુ ત્રણ કેદી પાસેથી બે મોબાઈલ અને સીમકાર્ડ શહીદ પાન પડી ગયો મળી આવ્યા છે.ત્યારે જ્યાં સત્તાધીશો કેદીઓ પાસે મોબાઈલ ગુટકા તમાકુ શહીતની વસ્તુ આવતા સુધી શું ઊંઘી રહ્યા છે તેઓ સવાલ ઊભો થઈ રહ્યો છે. રાવપુરા પોલીસે ગુનો નોંધી બંને મોબાઈલને એફએસએલમાં તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. વડોદરા સેન્ટ્રલ જેલમાંથી કેદીઓ અવારનવાર મોબાઈલ મળી આવવાના કિસ્સા વારંવાર બન્યા કરે છે. જેલ સત્તાધીશોના પેટનું પાણી હાલતું નથી. તાજેતરમાં જ બે મોબાઈલ એક સાથે કેદીઓ પાસેથી મળી આવ્યા હતા છતાં અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરાતા તેમની કામગીરી સામે પણ અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે. જેલમાં ફરજ બજાવતા અધિકારીઓ જાણે કુંભકર્ણની નિદરામાં ઊંઘતા હોય તેમ કેદીઓ પાસે મોબાઈલ કેવી રીતે આવી રહ્યા છે તેનો કોઈ હજુ સુધી પતો લાગતો નથી કે પછી અધિકારી કે કર્મચારીઓની મિલીભગતથી જ જેલમાં ફોન પહોંચાડી રહ્યા છે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. જેલમાં ફરજ બજાવતા અધિકારીઓ જાણે કુંભકર્ણની નિદરામાં ઊંઘતા હોય તેમ કેદીઓ પાસે મોબાઈલ કેવી રીતે આવી રહ્યા છે તેનો કોઈ હજુ સુધી પતો લાગતો નથી કે પછી અધિકારી કે કર્મચારીઓની મિલીભગતથી જ જેલમાં ફોન પહોંચાડી રહ્યા છે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. શુક્રવારના રોજ ફરજ પર હાજર સહિતના સ્કોડ દ્વારા યાર્ડ ૧૨ ની ખોલી નંબર સાતમાં કેદીની હિલચાલ પર શંકા જ હતા ધરતી સ્કોર દ્વારા તપાસ હાથ ધરાઈ હતી નળ નીચે બખોલું પાડીને તેમાં સંતાડેલો મોબાઈલ મળી આવ્યો હતો જે મોબાઈલ કામના કેદી જીતેન્દ્ર જીતુ નરેન્દ્ર પરમાર નો હોવાનું તથા તેમાં લગાવેલું સીમકાર્ડ સલીમ ઉર્ફે ઈમ્તિયાઝ શીખ માલુમ પડ્યું હતું. તેવી જ રીતે ખોલી નંબર ૧૨ ના કાચા કામના કેદી અજીમુદ્દીન અહમદ અન્સારી પણ એક મોબાઈલ મળી આવ્યો હતો. જેની ફરિયાદ રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. બંને મોબાઈલ માં થી કોની કોની સાથે વાત કરી છે ફોન દ્વારા કયું ષડયંત્ર રચવામાં આવતું હતું તેમજ અન્ય પ્રવૃત્તિ કરવામાં આવતી હતી કે નહીં તે બધી બાબતોની તપાસ કરવા માટે પોલીસ દ્વારા મોબાઈલને એફએસએલમાં મોકલાયો છે. બંને મોબાઈલ માં થી કોની કોની સાથે વાત કરી છે ફોન દ્વારા કયું ષડયંત્ર રચવામાં આવતું હતું તેમજ અન્ય પ્રવૃત્તિ કરવામાં આવતી હતી કે નહીં તે બધી બાબતોની તપાસ કરવા માટે પોલીસ દ્વારા મોબાઈલને એફએસએલમાં મોકલાયો છે.

## ઝાલોદ તાલુકાના ચણાસર પ્રાથમિક શાળામાં શિક્ષક વય નિવૃત્ત થતા ધારાસભ્ય મહેશ ભુરીયાના અધ્યક્ષ સ્થાને સન્માન સમારંભ યોજાયો




। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકાના ચણાસર પ્રાથમિક શાળામાં શિક્ષક તરી- કે ફરજ બજાવતા રમેશભાઈ સુરતાનભાઈ મુનિયાનું વય નિવૃત્ત થતા જેઓનો સન્માન સમારોહ માન્ય ધારાસભ્ય મહેશ ભુરીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો જેમા ઉપસ્થિત જીલ્લા શિક્ષણાધિકારી મુનિયા , તાલુકા શિક્ષણાધિકારી તેમજ જી . પં. સભ્ય લલીત ભુરીયા, ભાજપા મહામંત્રી કાળુ નિસરતા, પૂર્વે તા. પં. ઝાલોદના પ્રમુખ દિનેશ નિનામા, પૂર્વે તાલુકા પંચાયત સભ્ય મુકેશ ખાંગુડા, પૂર્વે અનુ. જન. જાતિ પ્રદેશ મોરચાના મંત્રી સુરેશ કિશોરી, પેથાપુર સરપંચ રાજેશ ગરાસીયા, રણીયાર સરપંચ જયેશ ભાભોર, માજી સરપંચ નરસીંગ ભાભોર, ચુનીલાલ ભુરીયા તેમજ તાલુ- કાની આજુબાજુના તમામ શિક્ષકો ભાઈઓ બહેનો તેમજ તમામ સંગા સંબંધીઓ મોટી સંખ્યા મા હાજર રહીને આશિર્વચન આપી અભિનંદન પાઠવ્યા હતા..

## ઝાલોદ તાલુકાના ચણાસર પ્રાથમિક શાળામાં શિક્ષક વય નિવૃત્ત થતા ધારાસભ્ય મહેશ ભુરીયાના અધ્યક્ષ સ્થાને સન્માન સમારંભ યોજાયો

। ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ તાલુકાના ચણાસર પ્રાથમિક શાળામાં શિક્ષક તરી- કે ફરજ બજાવતા રમેશભાઈ સુરતાનભાઈ મુનિયાનું વય નિવૃત્ત થતા જેઓનો સન્માન સમારોહ માન્ય ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો જેમા ઉપસ્થિત જીલ્લા શિક્ષણાધિકારી મુનિયા સાહેબ, તાલુકા શિક્ષણાધિકારી તેમજ જી . પં. સભ્ય લલીતભાઈ ભુરીયા, ભાજપા મહામંત્રી કાળુભાઈ નિસરતા, પૂર્વે તા. પં. ઝાલોદ ના પ્રમુખ દિનેશભાઈ નિનામા, પૂર્વે તાલુકા પંચાયત સભ્ય મુકેશભાઈ ખાંગુડા, પૂર્વે અનુ. જન. જાતિ પ્રદેશ મોરચાના મંત્રી સુરેશભાઈ કિશોરી, પેથાપુર સરપંચ રાજેશભાઈ ગરાસીયા, રણીયાર સરપંચ જયેશભાઈ ભાભોર, માજી સરપંચ નરસીંગભાઈ ભાભોર, ચુનીલાલ ભુરીયા તેમજ તાલુ- કાની આજુબાજુ ના તમામ શિક્ષ- કો ભાઈઓ બહેનો તેમજ તમામ સંગા સંબંધીઓ મોટી સંખ્યા મા હાજર રહીને આશિર્વચન આપી અભિનંદન પાઠવ્યા હતા..

## ભાવનગરમાં પઠાણી ઉઘરાણીથી કંટાળી વેપારીએ આત્મહત્યા કરી



। ભાવનગર, તા.૨૯ ।

ભાવનગર શહેરમાં એક જાણીતા વેપારીએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર નવ કરોડ રૂપિયાની હીરાની લેતી દેતીના મામલે પઠાણી ઉઘરાણી કરતા ઓફિસ માલિકે આત્મહત્યા કરી લીધી.શહેરમાં એક જાણીતા વેપ ારીએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર નવ કરોડ રૂપિયાની હીરાની લેતી દેતીના મામલે પઠાણી ઉઘરાણી કરતા ઓફિસ માલિકે આત્મહત્યા કરી લીધી. શહેરના નિર્મળનગર મણીરત્ન કોમ્પ્લેક્સમાં ઓફીસ ધરાવતા લશ્કરભાઈ મકવાણાએ બોટ- ાદના ગઢાળી ડેમમાં આત્મહત્યા કરી લીધી છે.હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારી તથા દલાલો રૂપિયાની પઠાણી ઉઘરાણી કરીને માનસિક ટોર્ચરીંગ કરતા હોવાના કારણે પરિવાર ભાવનગર છોડીને ગામડે જતો રહ્યો હતો. જ્યાંથી ચાર દિવસ પહેલા આત્મહત્યા કરનાર લશ્કર ભાઈ મકવાણા પ રિવારને છોડી જતા રહ્યા અને ત્યાંથી તેમના પરિવારને અંતિમ ફોન કરીને જણાવ્યું કે "હું હીર- ાની લેતી દેતીના પૈસાની ઉઘર- ાણીથી કંટાળી ગયો છું એટલે હું ગઢાળી ડેમમાં મારુ જીવન ટૂંકાવું છું" તેવું જણાવી આત્મહત્યા કરી લીધી છે. આ બનાવમાં ગઢડા પ ોલીસ મથકમાં સુરતના પાંચ વેપ ારી અને ભાવનગરનો એક વેપારી મળી કુલ ૬ શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી

# વડાપ્રધાન મોદીનું ડ્રિમ સ્વપ્ન સ્ટેચ્યુ ઓફ યુનિટી સાકાર, પાંચ વર્ષમાં પ્રવાસીઓના આકર્ષણ માટે ૨૨ જેટલા આકર્ષણ મુકાયા

### ૩૧ ઓક્ટોબર-૧૮નાં રોજ PMએ SOUનું લોકાર્પણ કર્યુ હતું. પાંચ વર્ષમાં SOU જોવા દોઢ કરોડથી વધુ પ્રવાસીઓ ઊમટ્યાં



। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૯ ।

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નું ડ્રિમ સ્વપ્ન સ્ટેચ્યુ ઓફ યુનિટી સાકાર થયું છે.પ ાંચ વર્ષમાં પ્રવાસીઓના આકર્ષણ માટે ૨૨ જેટલા આકર્ષણ મુકાયા છે. વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં ૩૧મી ઓક્ટોબરે એકતાદિવસ અને એકતા પરેડ ઉજવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહેશે.

નર્મદા નદી પર બનાવવામાં આવેલા સરદાર સરોવર ડેમથી ૩.૫ કિલોમીટર દૂર આવેલી વિશ્વની સૌથી ૧૮૨ મીટર ઊંચી સરદાર પટેલની પ્રતિમાને સાત કિલોમીટર દૂરથી પણ જોઈ શકાય છે. લગભગ ૫૦૦૦ મેટ્રિક ટન લોખંડ, અંદાજે રૂ.૩૦૦૦ કરોડના ખર્ચે માત્ર ૩૩ મહિનાના ટૂંકાગાળામાં વિરાટ પ્રતિમા તૈયાર કરવામાં આવી છે. સાધુ બેટ પર બનાવેલી એન્જિનિયરિંગ માર્વેલ સમાન આ પ્રતિમા સતત પ્રવાસીઓને આકર્ષી રહી છે. ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ ના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. ત્યારે વચ્ચે જ્યારે કોરોનાનો કાળ હતો. જે દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ બંધ રહ્યું હતું.અને પ્રવાસીઓની સંખ્યા પણ ઘટી હતી પરંતુ હવે પ્રવાસીઓની સંખ્યા વધે અને નવા આકર્ષણો વધે તે માટે પ્રયાસ કરવામાંઆવી રહ્યો છે. અનુસાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ૨૦૧૮ માં સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યા બાદ ઘણા વિકાસ થયો છે.અહિયાં ૨૨ જેટલા આકર્ષણ છે અને આ વિસ્તારમાં વિકાસ પાણી પ્રકૃ તિ અનેસંસ્કૃતિ ને કેન્દ્રમાં રાખી થઈ રહ્યો છે.અત્યાર સુધીમાં દોઢ કરોડ પ્રવાસીઓ આવ્યા ૨૦૨૩માં ૩૨ લાખ અને દિવાળીમાં ૫૦લાખ મુલાકાત માટે આવે તેવી વકી છે.

# વડોદરામાં રૂપિયાની ઉઘરાણી કરી રીક્ષા ચાલક પર હુમલો કરતા મોત

### રીક્ષા ચાલક ઇજાગ્રસ્ત થયો સારવાર માટે સયાજી હોસ્પિટલમાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા



। વડોદરા, તા.૨૯ ।

વીઆઈપી રોડ પર રહેતા રીક્ષા ચાલકને ભરવાડ દ્વારા રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી ઢોર માર માર્યા બાદ માથામાં કડા વડે હુમલો કર્યો હતો.બાદ રીક્ષા ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હોય સ્થળ પર ઢળી પડતા સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસ સ્ટેશનમાં મૃતકની પત્નીએ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો નથી ભરવાડને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે લાશનું પીએમ કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. શહેરના વીઆઈપી રોડ પર ન્યુ સહયોગ નગરમાં રહેતા જીગ્નેશભાઈ જગદીશભાઈ ત્રિવેદી ભાડા ને રીક્ષા ચલાવીને પ ોતાનું તથા પોતાના પરિવાર ગુજરાન ચલાવે છે. પાંચેક વર્ષ અગાઉ તેમને કોઈ કારણોસર રૂપિ યાની જરૂરિયાત ઊભી થતા તેમના પાડોશમાં રહેતા જઘેન ભરવા ડે તેમને વ્યાજે રૂપિયા આપ્યા હતા. જેનો વ્યાજ પણ તેઓ રેગ્યુલર તેમને ચૂકવતા હતા. તેમની પાસે રૂપિયાની વ્યવસ્થા થતા જઘેન ભરવાડના તમામ રૂપિયા વ્યાસ સહિત તેને ચૂકવી દીધા હતા. તેમ છતાં આ ભરવાડ રીક્ષા ચાલકને વારંવાર વારંવાર તેમના ઘરે આવી બાકી રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતો હતો. છેલ્લા પાંચ વર્ષથી જાગેન ભરવાડ રીક્ષા ચાલક તથા તેમના પરિવારજનોને ધમકીઓ આપી હેરાન પરેશાન કરતો આવ્યો છે. શુક્રવારે બપોરના સમયે આ ભરવાડ તેમના ઘરે આવ્યો હતો તેમની પાસે રૂપિયાની વ્યવસ્થા થતા જઘેન ભરવાડના તમામ રૂપિયા વ્યાસ સહિત તેને ચૂકવી દીધા હતા. તેમ છતાં આ ભરવાડ રીક્ષા ચાલકને વારંવાર વારંવાર તેમના ઘરે આવી બાકી રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતો હતો. છેલ્લા પાંચ વર્ષથી જાગેન ભરવાડ રીક્ષા ચાલક તથા તેમના પરિવારજનોને ધમકીઓ આપી હેરાન પરેશાન કરતો આવ્યો છે. શુક્રવારે બપોરના સમયે આ ભરવાડ તેમના ઘરે આવ્યો હતો અને બીભસ્ત ગાળો બોલવા લાગ્યો હતો. ગાળો નહીં બોલવાનું કહેતા ઉશ્કેરાયો હતો અને રીક્ષા ચાલક જીગ્નેશ ત્રિવેદી પર તેને પ હેરેલા કડા વડે હુમલો કર્યા બાદ ઢોર માર માર્યો હતો. રીક્ષા ચાલકને માથામાં ઘા પડી ગયો હોય લોહીલુહાણ હાલતમાં ઢળી પડતાં તેમને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં હાજર તબીબોએ રીક્ષા ચાલકને મૃત જાહેર કર્યો હતો. રીક્ષા ચાલકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કર્યા બાદ તેના પરિવારજનોને સોંપવામાં આવશે. મૃ તકની પત્નીએ હરણી પોલીસ સ્ટેશનમાં ભરવાડ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડના ચક્ર ગતિમાન કર્યા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. છેલ્લા થોડા સમયથી તમારૂં અંગત જીવન તમારા ધ્યાનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે-પમ આજે તમે સામાજિક જીવન પર ધ્યાન આપશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. કોઈ કારણોસર, આજે તમારી ઓફિસ માં વહેલા રજા હોઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. જ્યાં સુધી મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની ઈચ્છા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો. આજનો દિવસ ખૂબ જ સુંદર અને પ્રેમભર્યો રહેશે.

**ન્યૂઝ બ્રિફ**

## લેવિસ્ટન શહેરમાં ફાયરિંગ કરનારાની લાશ મળી આવી

| વોશિંગ્ટન, તા.૨૯ |

અમેરિકાના મેન રાજ્યના લેવિસ્ટન શહેરમાં અંધાધૂધ ફાયરિંગ કરીને ૨૨ લોકોના જીવ લેનાર હુમલાખોરની લાશ મળી આવી છે. આડેધડ ફાયરિંગ કરનાર આ વ્યક્તિ ઘટના બાદ ગાયબ હતો અને પોલીસ તેને શોધી રહી હતી. બે દિવસ પછી પોલીસને તેની લાશ મળી છે. પોલીસે આ પહેલા હુમલાખોરની રાયફલ સાથેની તસવીર જાહેર કરીને તેની ઓળખ કરવામાં લોકોને મદદ કરવા માટે અપીલ કરી હતી. હુમલાખોરનુ નામ રોબર્ટ કાર્ડ હોવાનુ બહાર આવ્યુ હતુ. તેની લાશ શહેરથી આઠ કિલોમીટર દૂર જંગલમાં મળી આવી છે. પોલીસને શંકા છે કે, આરોપીએ હત્યાકાંડને અંજામ આપ્યા બાદ પોતે જ ગોળી મારીને આત્મહત્યા કરી છે. પોલીસે જોકે હજી સુધી કોઈ વધારે જાણકારી આપી નથી.

## માતા અને દીકરીનું ગળુ દબાવીને થયું હતું મોત



| સુરત, તા.૨૯ |

સુરતના અડાજણમાં એક જ પરિવારનાં ૭ લોકોએ જીવન ટૂંકાવ્યું. ૩ બાળકો સહિત ૭ લોકોના હર્યોભર્યો પરિવાર આપઘાત કરવા મજબૂર બન્યો. આર્થિક સંકડામણમાં આપઘાત કર્યાની પોલીસને સ્યૂસાઈડ નોટ પરથી માહિતી મળી છે. સુરતના આપઘાત કેસમાં પોલીસને ઘરમાંથી એક સૂસાઈડ નોટ મળી આવી છે. જેમાં ઉધાર આપેલા પૈસા પરત આવી રહ્યા ન હતા તેવો ઉલ્લેખ કરાયો છે. સુરત પોલીસ કમિશનર અજય તોમરે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. સુરતના સામૂહિક આપઘાત કેસમાં તપાસ માટે સ્પેશિયલ ટીમની રચના કરાઈ છે.

ફોરેન્સિક પુરાવા એકત્રિત કરાયા છે. તેમજ તપાસ માટે ટેક્નિકલ ટીમની પણ મદદ લેવાશે. ત્યારે સોલંકી પરિવારના કિસ્સામાં ધરમ કરતા ધાડ પડી હોય તેવું લાગી રહ્યું છે. પરંતુ આ કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોટો ખુલાસો થયો છે. સુરતમાં ૭ લોકોએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. ત્યારે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. રિપોર્ટમાં જાણવા મળ્યું કે, માતા અને દીકરીનું ગળુ દબાવીને મોત થયું હતું. અન્ય ૪ પરિવારજનોના મોત ઝેરી દવા ગટગટાવીને થયું હતું.

### નૌસેનાના ૮ પૂર્વ અધિકારીને મોતની સજાનો મામલો

# કતારમાં સજા પામેલા પૂર્વ અધિકારીઓને બચાવવા માટેના ભારત પાસે સાત મુદ્દા

### આ અધિકારીઓ પર કતારની કંપનીમાં કામ કરતી વખતે ઈઝરાયેલ માટે જાસૂસી કરવાનો આરોપ હતો

| નવી દિલ્હી, તા.૨૯ |

ભારત અને કતારના સંબધો રસપ્રદ છે. કારોબાર અને માનવ સંસાધનોને લઈને બંને દેશો વચ્ચે જેટલી સમરસતા દેખાય છે તેટલી જ જીયો પોલીટીકલ અને ઈસ્લામિક મુદ્દાઓ પર દુશ્મની નજરે ચડે છે. ભારતીય નૌસેનાના આઠ પૂર્વ અધિકારીઓને મોતની સજા સંભળાવી કતારે ભારત પ્રતિ પોતાનું ઝેરીલું વલણ અખત્યાર કર્યું છે. આ નૌસેનાના અધિકારીઓનો કેસ પાકિસ્તાની જેલમાં બંધ કુલભૂષણ જાદવના મામલા સાથે મેળ ખાય છે.



હમાસને સમર્થન આપવા બદલ સતત આકરી ટીકાનો સામનો કરી રહેલા કતારે ભારતીય નૌકાદળના ૮ પૂર્વ અધિકારીઓને મૃત્યુદંડની સજા ફટકારીને નવો મોરચો ખોલ્યો છે. ઈઝરાયલ-ગાઝા યુદ્ધ દરમિયાન આવેલા આ નિર્ણયનો સમયે ખાસ બને છે કારણ કે આ અધિકારીઓ પર કતારની કંપનીમાં કામ કરતી વખતે ઈઝરાયેલ માટે જાસૂસી કરવાનો આરોપ હતો. કતારના ઈરાદાઓ પર આ નિર્ણયના સમય ઉપરાંત કોર્ટની ગુપ્ત કાર્યવાહીને લઈને પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. સમગ્ર ઓપરેશન ખૂબ જ ગોપનીય રીતે પાર પાડવામાં આવ્યું હતું. આરોપી ભારતીયોને અસામાન્ય રીતે લાંબા સમય સુધી અલગથી જેલમાં રાખવામાં આવ્યા હતા. કતારની ઈન્ટેલિજન્સ એજન્સીએ જ આ અધિકારીઓ પર તમામ આરોપો લગાવ્યા હતા. કતાર અને ભારતની અન્ય કાનૂની એજન્સીઓ આ વિશે કંઈપણ જાણકારી નહોતી.

**હવે ભારત પાસે બચાવવાના સાત રસ્તા છે**

૧. ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ અધિકારીઓને રાહત આપવાનો સૌથી સરળ અને સરળ રસ્તો એ છે કે ભારત કતારના અધિકારીઓને અપીલ કરે અને તેમને આ નિર્ણય પર પુનર્વિચાર કરવા કહે. આ નિર્ણયનો બારીકાઈથી અભ્યાસ કરીને તેની નબળાઈઓને નવેસરથી રજૂ કરી શકાય છે.

### નેધરલેન્ડે ઈતિહાસ રચી બીજી જીત હાંસલ કરી

# બાંગ્લાદેશને ધૂળ ચટાડી નેધરલેન્ડે બનાવ્યો રેકોર્ડ

### નેધરલેન્ડ ૨૨૯ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું અને ત્યારબાદ વિરોધી ટીમને ૧૪૨ રનમાં ઓલઆઉટ કરી



| ઈડનગાર્ડન, તા.૨૯ |

વર્લ્ડ કપ ૨૦૨૩ની ૨૮મી મેચમાં નેધરલેન્ડે બાંગ્લાદેશને ૮૭ રનથી હરાવીને ઈતિહાસ રચ્યો હતો. ટૂર્નામેન્ટમાં નેધરલેન્ડનો આ બીજો વિજય હતો. આ પહેલા ડચ ટીમે આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાને હરાવ્યું હતું. બાંગ્લાદેશ સામેની મેચમાં પ્રથમ બેટિંગ કરતી વખતે નેધરલેન્ડ ૨૨૯ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું અને ત્યારબાદ લક્ષ્યનો પીછો કરતા વિરોધી ટીમને ૧૪૨ રનમાં ઓલઆઉટ કરી દીધી હતી. નેધરલેન્ડે આ જીત સાથે ઘણા ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે.

અગાઉ, બાંગ્લાદેશને વર્લ્ડ કપમાં ત્રણ સહયોગી દેશો - કેનેડા, કેન્યા અને આયર્લેન્ડની ટીમો સામે હારનો સામનો કરવો પડ્યો હતો અને આજે નેધરલેન્ડે શાકિબ અલ હસનની કપ્તાનીમાં બાંગ્લાદેશને ૮૭ રને હરાવ્યું હતું. આ રીતે, આજે બાંગ્લાદેશ એક પૂર્ણ સભ્ય તરીકે વિશ્વ કપમાં ચોથી વખત એટલે કે સહયોગી રાષ્ટ્ર સામે સૌથી વધુ મેચ હારી ગયું.

નેધરલેન્ડે બાંગ્લાદેશ સામે શાનદાર પ્રદર્શન કર્યું અને મોટી જીત હાંસલ કરી. તેણે બાંગ્લાદેશને ૮૭ રનથી હરાવ્યું. વર્લ્ડ કપમાં આ તેની બીજી જીત છે. આ પહેલા તેણે દક્ષિણ આફ્રિકાને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. નેધરલેન્ડના હવે છ મેચમાં ચાર પોઈન્ટ છે. આ સાથે જ બાંગ્લાદેશના છ મેચમાં માત્ર બે પોઈન્ટ છે અને તે વિશ્વ કપમાંથી લગભગ બહાર થઈ ગયું છે. નેધરલેન્ડે બાંગ્લાદેશ સામે શાનદાર પ્રદર્શન કર્યું અને મોટી જીત હાંસલ કરી. તેણે બાંગ્લાદેશને ૮૭ રનથી હરાવ્યું. વર્લ્ડ કપમાં આ તેની બીજી જીત છે. આ પહેલા તેણે દક્ષિણ આફ્રિકાને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. નેધરલેન્ડના હવે છ મેચમાં ચાર પોઈન્ટ છે. આ સાથે જ બાંગ્લાદેશના છ મેચમાં માત્ર બે પોઈન્ટ છે અને તે વિશ્વ કપમાંથી લગભગ બહાર થઈ ગયું છે.

### ૫૮૦૦ કરોડનાં વિકાસકાર્યોની આપશે ભેટ

# વડાપ્રધાન મોદી સોમવારે અંબાજીમાં કરશે પૂજા-દર્શન

### ૩૧મી ઓક્ટોબરે તેઓ કેવડિયાની મુલાકાત લેશે જ્યાં તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પુષ્પાંજલિ અર્પણ કરશે

| ગાંધીનગર, તા.૨૯ |

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦-૩૧ ઓક્ટોબરના રોજ ગુજરાતની મુલાકાત લેશે. ૩૦ ઓક્ટોબરે સવારે ૧૦:૩૦ વાગ્યે અંબાજી મંદિરમાં પૂજા અને દર્શન કરશે. ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યાની આસપાસ મહેસાણામાં વિવિધ વિકાસ કાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. ૩૧મી ઓક્ટોબરે સવારે ૮ વાગ્યાની આસપાસ તેઓ કેવડિયાની મુલાકાત લેશે જ્યાં તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પુષ્પાંજલિ અર્પણ કરશે, જે બાદ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થશે. તેઓ અનેક પરિયોજનાઓનો શિલાન્યાસ અને ઉદઘાટન પણ કરશે. ત્યારબાદ સવારે ૧૧:૧૫ વાગ્યે તેઓ આરંભ ૫.૦માં ૯૮માં કોમન ફાઉન્ડેશન કોર્સના તાલીમાર્થી અધિકારીઓને સંબોધન કરશે. પ્રધાનમંત્રી રેલવે, માર્ગ, પીવાનું પાણી અને સિંચાઈ જેવા વિવિધ ક્ષેત્રોમાં આશરે રૂ. ૫૮૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ ક્ષેત્રોમાં આશરે રૂ. ૫૮૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલારોપણ કરશે. જે પરિયોજનાઓનું લોકાર્પણ અને લોકાર્પણ કરવામાં આવશે તેમાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ડબલ્યુડીએફસી)નો ન્યૂ ભાંડુ-ન્યૂ સાણંદ (એન) સેક્શન સામેલ છે. વિરમગામ - સામખિયાળી રેલવે લાઈનનું ડબલિંગ; કાટોસન રોડ-બેચરાજી – મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ (એમએસઆઈએલ સાઈડિંગ) રેલ પરિયોજના વિજાપુર તાલુકા અને મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વિવિધ ગ્રામ્ય તળાવોના રિચાર્જ માટેનો પ્રોજેક્ટ; મહેસાણા જિલ્લામાં સાબરમતી નદી પર વાલાસણા બેરેજ; બનાસકાંઠાના પાલનપુરમાં પીવાના પાણીની વ્યવસ્થા માટેની બે યોજનાઓ અને ધરોઈ ડેમ આધારિત પાલનપુર જીવાદોરી યોજના - હેડ વર્ક (એચડબ્લ્યુ) અને ૮૦ એમએલડી ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જે યોજનાઓનો શિલાન્યાસ કરશે, તેમાં મહીસાગર જિલ્લાનાં સંતરામપુર તાલુકામાં સિંચાઈની સુવિધા પ્રદાન કરવા માટેનો પ્રોજેક્ટ સામેલ છે. નરોડા – દેહગામ- હરસોલ – ધનસુરા રોડ, સાબરકાંઠાને પહોળો કરવો અને તેને મજબૂત બનાવવો. ગાંધીનગર જિલ્લામાં કલોલ નગરપાલિકા સુએઝ અને સેપ્ટેજ મેનેજમેન્ટ માટે પ્રોજેક્ટ; અને સિદ્ધપુર (પાટણ), પાલનપુર (બનાસકાંઠા), બાયડ (અરવલ્લી) અને વડનગર (મહેસાણા)માં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેના પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે.

### સુરતમાં ૭ લોકોના મોત કેસમાં મોટો વળાંક

# મનીષ તાંત્રિકના આશીર્વાદ લેતો વીડિયો સામે આવ્યો

### પરિવારજનોની હત્યા કર્યા બાદ આપઘાત કરનાર મનીષ તાંત્રિક વિધિમાં ફસાયો હોવાની આશંકા સેવાઈ રહી છે

| સુરત, તા.૨૯ |

સુરતના અડાજણમાં એક જ પરિવારનાં ૭ લોકોએ જીવન ટૂંકાવ્યું. ત્યારે સુરત સામૂહિક આપઘાત કેસમાં મોટો વળાંક સામે આવ્યો છે. આ કેસમાં સીટની રચના કરાઈ છે. આ તપાસમાં ટીમને એવું કંઈક મળ્યું જે ચોંકાવનારું છે. મૃતક મનીષ સોલંકીનો તાંત્રિક વિધિનો વીડિયો સામે આવ્યો છે. મનીષ સોલંકી તાંત્રિક માયાજાળમાં ફસાયો હોવાની આશંકા છે. સુરતમાં ૭ લોકોનો આપઘાત કિસ્સો દિલ્હીના બુરાડી કેસને મળતો આવે છે. જેમાં અંધશ્રદ્ધા કારણભૂત હતી. ત્યારે સુરતમાં સોલંકી પરિવારમાં આર્થિક ભીંસથી કંટાળીને પરિવારે આપઘાત કર્યો હોવાનો સ્યૂસાઈડ નોટમાં ઉલ્લેખ કરાયો જ છે. મનીષ સોલંકીને અલગ અલગ લોકો પાસેથી ૧ કરોડથી વધુની રકમ લેવાની નીકળતી હતી, વિશ્વાસમાં આપેલી રકમ પરત ન આવતા તેમણે આ પગલુ ભર્યુ હતું. પરંતુ એક અલગ થિયરી પણ સામે આવી છે. સોલંકી પરિવારના સામૂહિક આપઘાત મામલે એક ચોંકાવનારી વાત સામે આવી છે. મનીષ કેટલાક સમયથી તાંત્રિક વિધિના રવાડે ચડ્યો હોવાની આશંકા છે. મનીષ કેટલાક સમયથી તાંત્રિક વિધિના રવાડે ચડ્યો હોવાનો પુરાવો આપતો એક વીડિયો સામે આવ્યો છે.

## વિશેષ

### સામાજિક દૂષણ સામેની લડાઈ માત્ર સરકારની નહીં પરંતુ સમગ્ર સમાજની- ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતના સાંસ્કૃતિક યોદ્ધાઓને પુરસ્કાર એનાયત

### સરકારે તમામ ક્ષેત્રે કરેલા વિકાસલક્ષી પરિવર્તનોના પરિણામે છેવાડાના માનવી સુધી આરોગ્ય અને શિક્ષણ જેવી માળખાગત સુવિધાઓ પહોંચી

ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સમારોહ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં રામમંદિરનું નિર્માણ, ૨૩૧ પ્રાચીન મૂર્તિઓને ભારત પરત લાવવી અને નવી શિક્ષણ નીતિમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણને મહત્વ આપવાની દરખાસ્ત સહિતના પ્રયત્નો થકી શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે આમૂલ પરિવર્તનો આવ્યા છે. ત્યારે સંસ્કાર, સંસ્કૃતિ અને શીલના રક્ષણ માટે કાર્યરત યોદ્ધાઓના સન્માન માટે તેમણે યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગ તથા સેવ કલ્ચર ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગ અને સેવ કલ્ચર ફાઉન્ડેશન દ્વારા આયોજિત ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કુલ ૮ વ્યક્તિવિશેષને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભારતીય સંસ્કૃતિના રક્ષક અને સંવર્ધક ગણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, શ્રી નરેન્દ્રભાઈએ રાજનીતિ અને રાજનેતાઓ પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલ્યો છે. તેમણે જણાવ્યું કે, ગુનેગારોને સજા અને પ્રામાણિકને પ્રોત્સાહન આપવાની શ્રી નરેન્દ્રભાઈની નીતિ રહી છે. વડાપ્રધાનશ્રીની છેવાડાના માનવી સુધી વિકાસના પરિણામો પહોંચાડવાની કાર્યપદ્ધતિને નાગરિકોએ વધાવી છે. એમ તેમણે ઉમેર્યું હતું.





તાજેતરમાં થયેલા જીએસટીના વિક્રમી કલેક્શનનો ઉલ્લેખ કરી તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે તમામ ક્ષેત્રોમાં વિકાસલક્ષી વ્યાપક પરિવર્તનો કર્યા છે. જેના પરિણામે છેવાડાના માનવી સુધી આરોગ્ય અને શિક્ષણ જેવી માળખાગત સુવિધાઓ પહોંચી રહી છે. જેથી કોઈપણ વિકટ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પડખે હોવાનો અહેસાસ દેશવાસીઓ કરી રહ્યા છે. એમ તેમણે જણાવ્યું હતું.

યુવાનોને સદમાર્ગે આગળ વધારવાના સરકારના પ્રયાસમાં સાંસ્કૃતિક યોદ્ધાઓનો સતત સહયોગ મળી રહ્યો છે. તેનો આનંદ વ્યક્ત કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શીલ, સંસ્કૃતિ અને સદાચારની રક્ષા કરનારને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સહુ નાગરિકોને પણ સાંસ્કૃતિક યોદ્ધા બનવાનું આહવાન કર્યું હતું.

આજના અવસરે ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, વિશ્વને ભારતની અસ્મિતાની ઓળખ કરાવી દરેક ભારતીયમાં રાષ્ટ્રભાવના જગાવવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. સંયુક્ત કુટુંબ અને સમાજમાં એકતા એ આપણી સંસ્કૃતિ છે. જેની જાળવણી માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં અસરકારક કામગીરી થઈ રહી છે.

ડ્રગ્સ વિરોધી અભિયાનનો ઉલ્લેખ કરી શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્યના હજારો યુવાનોને ડ્રગ્સના વ્યસનમાંથી મુક્ત કરાવવાનું કામ રાજ્યના પોલીસ વિભાગે કર્યું છે. કાયદાની સાથે કાઉન્સેલિંગ થકી અનેક પરિવારોને વિખેરાતા બચાવાયા છે એમ તેમણે ઉમેર્યું હતું શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સામાજિક દૂષણ સામેની લડાઈ માત્ર સરકારની નહીં પરંતુ સમગ્ર સમાજની છે. વાલીઓને અપીલ કરતાં તેમણે જણાવ્યું કે, સંતાનોને ભૌતિક સુખ-સુવિધા અને મોંઘીદાટ વસ્તુઓ આપવાની સાથે સંસ્કાર આપી પોતાની ફરજ પ્રત્યે સભાન બનાવવા પણ જરૂરી છે. સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર દ્વારા અન્ય લોકોને પણ સંસ્કાર અને સંસ્કૃતિના સંવર્ધનની પ્રેરણા મળશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સામાજિક દૂષણ સામેની લડાઈ માત્ર સરકારની નહીં પરંતુ સમગ્ર સમાજની છે. વાલીઓને અપીલ કરતાં તેમણે જણાવ્યું કે, સંતાનોને ભૌતિક સુખ-સુવિધા અને મોંઘીદાટ વસ્તુઓ આપવાની સાથે સંસ્કાર આપી પોતાની ફરજ પ્રત્યે સભાન બનાવવા પણ જરૂરી છે. સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર દ્વારા અન્ય લોકોને પણ સંસ્કાર અને સંસ્કૃતિના સંવર્ધનની પ્રેરણા મળશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

આજના સમારોહમાં કેન્દ્રીય માહિતી કમિશનર શ્રી ઉદય માહુરકર, ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી બાબુસિંહ જાદવ, અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, જાણીતા આધ્યાત્મિક ગુરુ પરમાત્માનંદજી, યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગના સચિવ શ્રી અશ્વિની કુમાર, નાયબ સચિવ શ્રી કે.એસ.વસાવા સહિત આમંત્રીતો અને મોટી સંખ્યામાં સુજ્ઞ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. - વિવેક, પ્રદેશિક માહિતી કચેરી- અમદાવાદ

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદની જાણીતી જગ્યાના ઘી-પનીરના સેમ્પલ અપ્રમાણિત

। અમદાવાદ, તા.૨૯ ।

યાત્રાધામ અંબાજીમાં નકલી ઘી મામલે સમગ્ર રાજ્યમાં ફૂડ વિભાગ દ્વારા ઘીના એકમો પર દરોડા પ ાડવામાં આવ્યા હતા. ફૂડ વિભાગ દ્વારા સઘન ચેકિંગ સમગ્ર રાજ્યમાં કરવામાં આવ્યુ હતું, ત્યારે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા પણ શહેરના અલગ-અલગ ઝોનમાં ખાધ્ય એકમ પર સઘન તપાસ હાથ ધરી શંકાસ્પદ ઘીના સેમ્પલ લેવાયા હતા. નવરાત્રીના તહેવાર નિમિતે છેલ્લા અઠવાડિયા દરમિયાન લેવાયેલા ઘીના સેમ્પલ અપ્રમાણિત સાબિત થયા છે. અમદાવાદ ફૂડ વિભાગ દ્વારા લેવાયેલા ૩ ઘીના સેમ્પલ અપ્રમાણિત સાબિત થયા છે. શહેરમાં નકલી ઘીનો કાળો કારોબર યથાવત જોવા મળી રહ્યો છે. એએમસી ફૂડ વિભાગે છેલ્લા અઠવાડિયા દરમિયાન લીધેલા સેમ્પલના પરિણામ જાહેર કરાયા છે. એએમસી લેબની તપાસમાં આવેલા રિપોર્ટ ચોંકાવનારા છે.

### વડાપ્રધાન મોદી મહેસાણા ખાતે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

। ગાંધીનગર, તા.૨૯ ।

૩૦ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે, ગુજરાતમાં ૫૯૪૧ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કાર્યક્રમ, મહેસાણા જિલ્લાના ડાભોડા ગામમાં યોજવામાં આવશે. વિવિધ પ્રકલ્પોમાં ભારતીય રેલવે, ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ મેન્ટ કોર્પોરેશન (GRIDE), જળ સંસાધન વિભાગ, પાણી પુરવઠા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તેમજ શહેરી વિકાસ વિભાગના વિકાસકાર્યો સામેલ છે. ડાભોડા ગામમાં સવારે ૧૧ વાગ્યે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**સ્માર્ટ સિટી અમદાવાદની હવા ઝેરીલી બની । માર્ગ - મકાન વિભાગ, વન વિભાગ દ્વારા કરવામાં આવી રહેલી બેદરકારીના કારણે લોકોના સ્વાસ્થ્ય પર ખરાબ અસર**

# ગુજરાતમાં સૌથી વધુ પ્રદુષિત હવા અમદાવાદ શહેરમાં છે

## પીરાણા, રાઈખડ, રખિયાલ, ચાંદખેડામાં વધારે પ્રદૂષણ શહેરનું ઓવરઓલ AQI 173 PM ૨.૫એ પહોંચ્યું

। અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાં પણ પ્રદૂષિત હવાનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે. ગુજરાતમાં સૌથી વધુ પ્રદુષિત હવા અમદાવાદમાં છે. દિવાળી પહેલા અમદાવાદની હવા પ્રદૂષિત થઈ છે. એર ક્વોલિટી ઈન્ડેક્સમાં વધારો થતા હવા દૂષિત બની છે. ખાસ કરીને પીરાણા, રાઈખડ, રખિયાલ, ચાંદખેડા, લેખવાડામાં AQI ૨૦૦ ને પાર થઈ ગયો છે. જ્યારે કે, અમદાવાદનો સરેરાશ AQI ૧૭૩ રહ્યો છે. સૌથી વધુ પ્રદૂષિત હવા રખિયાલ વિસ્તારમાં જોવા મળી છે. દિવાળી પહેલા જ સ્માર્ટ સિટી અમદાવાદની હવા પ્રદુષિત બની છે. એક-બે નહિ, અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં હવા દુષિત બની રહી છે. પીરાણા, રાઈખડ, રખિયાલ, ચાંદખેડા, લેખવાડામાt PM ૨.૫ અને AQI ૨૦૦ ની ઉપર પહોંચ્યું છે. આજે અમદાવાદનું ઓવર ઓલ AQI ૧૭૩ PM ૨.૫ એ પહોંચ્યું છે. સૌથી વધુ હવા પ્રદુષિત રખિયાલ વિસ્તારમાં છે.

ચાંદખેડામાં AQI 203 PM 2.5

પીરાણા AQI 211 PM 2.5

રખિયાલમાં AQI 289 PM 2.5

લેખવાડામાં AQI 173 PM 2.5 208

AQI ૨૦૦ ની ઉપર જતા હવા POOR કેટેગરીમાં હોવાથી ઓરેન્જ અલર્ટ આપવામાં આવે છે. સામાન્ય રીતે આ સ્થિતિમાં શ્વાસ સંબંધી દર્દીઓ બાળકો, વૃધ્ધો, હ્રદય અને ફેફસાં સંબંધિત બીમારી હોય તેવા લોકોને બહાર ન નીકળવા આ અલર્ટ અપાતું હોય છે. લોકોને બહાર ન નીકળવાની ન સુચના અપાતી હોય છે.

ગુજરાત જેમ જેમ વિકાસની હરણફાળ ભરી રહ્યુ છે તેમતેમ ગુજરાતમાં રહેવુ મુશ્કેલ બની રહ્યું છે. એક તરફ મોંઘવારીને કારણે રહેવુ મોંઘું, તો બીજી તરફ શ્વાસ લેવું પણ મુશ્કેલ બન્યું છે. ઉદ્યોગોની ચીમનીઓ ધુમાડો ઓકી રહી છે. જેને કારણે હવામાં પ્રદૂષણ વધ્યું છે. ૮૦ થી ૧૨૦ ઈન્ડેક્સ હોય તો એવરેજ નબળી અને ૧૨૦ થી ૩૦૦ ઈન્ડેક્સ હોય તો અત્યંત નબળી કેટેગરી ગણવામાં આવે છે. અમદાવાદમાં પણ બેદરકારીના કારણે હવા સતત ઝેરી બની રહી છે. હાઈવે નિર્માણના કારણે ત્રણ ગણું પ્રદૂષણ વધ્યું છે. હાઈવે પરની હવા શ્વસન સંબંધી બીમારીઓ નોતરી રહી છે. આવું અમે એટલા માટે કહી રહ્યા છીએ. કેમ કે ગત વર્ષે કેગ દ્વારા હાલમાં ગુજરાત વિધાનસભામાં ૫ વર્ષની કામગીરીનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં માત્ર જીપીસીબી જ નહીં પરંતુ માર્ગ અને મકાન વિભાગ તેમજ વન વિભાગ દ્વારા કરવામાં આવી રહેલી બેદરકારીના કારણે લોકોના સ્વાસ્થ્ય પર તેની ખરાબ અસર થઈ રહી છે.

**હનીટ્રેપનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો**

## આણંદમાં કોન્સ્ટેબલે અમદાવાદમાં હનીટ્રેપમાં ફસાવવાનો પ્લાન ઘડ્યો




। આણંદ, તા.૨૮ ।

આણંદમાં હનીટ્રેપનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો. અમદાવાદના શખ્સને હનીટ્રેપમાં ફસાવી રૂપિયા માગવામાં આવ્યા. આ અંગે જાણ થતા જ ભાલેજ પોલીસે ૨ મહિલા સહિત ૪ આરોપીની અટકાયત કરીને વધુ પૂછપરછ હાથ ધરી છે. હનીટ્રેપમાં એક પોલીસ કોન્સ્ટેબલ વિષ્ણુ ચૌહાણની સંડોવણી સામે આવી છે. આણંદમાં મહેસુલી અધિકારી દ્વારા પોતાના ઉપરી અધિકારીની હનીટ્રેપ મામલાની શાહી હજી સુકાઈ નથી, ત્યાં આણંદ પોલીસના એક કર્મચારી દ્વારા અમદાવાદના એક વેપ ારીને હનીટ્રેપમાં ફસાવવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં આણંદ પોલીસે આરોપી પ ોલીસ કર્મચારી સહીત ચાર લોકોની ધરપકડ કરી છે. બે મહિના પહેલા જ આણંદ જિલ્લા કલેક્ટર ડી એસ ગઢવીને તત્કાલીન એડિશનલ કલેક્ટર કેતકી વ્યાસ દ્વારા એન.એની ફાઈલો ક્લિયર કરાવવા અને લાખો રૂપિયા કમાવા સારુ જિલ્લા કલેકટરને હનીટ્રેપમાં ફસાવી બ્લેક મેલ કરવાનું ચાલુ કર્યું હતું. જોકે સમગ્ર મામલે એટીએસની તપાસમાં એડિશનલ કલેક્ટરની કાળી કરતુતોનો પર્દાફાશ થઈ જતા હાલ કેતકી કારાવાસમાં સજા ભોગવી રહી છે. ત્યારે હવે પોલીસ મુખ્યાલયમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલે અમદાવાદના વેપારીને હનીટ્રેપમાં ફસાવવાનો પ્લાન કર્યો હતો. જોકે ભોગ બનનાર વેપારીની સમયસૂચકતાને કારણે આરોપી પ ોલીસ કર્મચારીના પેસા કમાવાના પ્લાન પર પાણી ફરી વળ્યું છે. આણંદ પોલીસમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ વિષ્ણુ હિંમત ચૌહાણે સોશિયલ મીડિયાના માધ્યમથી અમદાવાદના એક વેપારીનો મોબાઈલ નંબર મેળવી લઈને બાદમાં વિદ્યાનગરની યુવતી પાસે વેપારીને ફોન કરાવીને અવાર-નવાર વાતચીત કરી મિત્રતા કેળવી હતી. ત્યારબાદ યુવતી દ્વારા ગત ૨૬મી ઓક્ટોબરના રોજ મારા ઘરે કોઈ નથી. તેમ કહીને મળવા માટે આણંદની ચિખોદરા ચોકડી પાસે બોલાવ્યો હતો. ત્યાંથી ભાલેજ ખાતે આવેલી જનરલ હોસ્પિટલની પાછળની નુર ટાઉનશીપ સોસાયટીના ત્રીજા નંબરના અન્ય આરોપી સજ્જાદઅલીએ ભાડે રાખેલા મકાનમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં યુવતી દ્વારા વેપારી સાથે અંગત પળો માણવાનો ઢોંગ રચ્યો હતો અને પોતાના મળતિયા પોલીસ કર્મી વિષ્ણુ ચૌહાણ, સજ્જાદઅલી સેયદ તેમજ વડોદરાની એક મહિલાને મોબાઈલમાં કોડવર્ડથી જાણ કરી દેતાં ત્રણેય જણાં સ્વીફ્ટ કાર લઈને નુર ટાઉનશીપ સ્થિત મકાને પહોંચી ગયા હતા.

**વડોદરા મનપા દ્વારા કેટલ એક્ટનું જાહેરનામું પ્રસિદ્ધ**

## વડોદરામાં હવે જગ્યા નહીં હોય તો લોકો ઢોર નહીં રાખી શકે

**ગેરકાયદે ઢોરવાડા બાંધ્યા હશે તો લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ થશે કાર્યવાહી : ૫થી વધુ ઢોર રાખવા હોય તો લેવું પડશે લાયસન્સ**

। વડોદરા, તા.૨૯ ।

વડોદરામાં હવે જગ્યા નહીં હોય તો લોકો ઢોર નહીં રાખી શકે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા કેટલ એક્ટનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જે મુજબ, પશુ માલિક પાસે જગ્યા હોવા જરૂરી છે, નહીં તો ઢોર નહીં રાખી શકે. સાથે જ કેટલ એક્ટમાં દર્શાવાયેલા નિયમનો ભંગ થશે તો લેન્ડ ગ્રેબિંગ સુધીની ફરિયાદ કરાશે.

રખડતા પશુનો ત્રાસ દૂર કરવા હાઈકોર્ટની ટકોર બાદ પ ાલિકાએ રખડતા પશુના નિયંત્રણ પોલિસીને મંજૂરી આપી છે. જે નવેમ્બરથી લાગુ કરવા વડોદરા મ્યુનિસિપલ કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામા મુજબ, ૧ નવેમ્બરથી જાહેરનામું લાગુ કરાશે, નવાં પશુની ૧ માસમાં નોંધણી ફરજિયાત કરવી પડશે. ઢોર પાર્ટીનાં ૧૪ વાહનોમાં કેમેરા મૂકી નજર રખાશે. નિયમ ભંગ બદલ લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ થશેવડોદરા કોર્પોરેશને કેટલ એક્ટનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જે મુજબ,

**પશુ માલિક પાસે જગ્યા નહિ હોય તો ઢોર નહિ રાખી શકે.**

**ગેરકાયદે બનાવેલા ઢોર વાડા નહિ ચલાવી લેવાય.**

**જો ઢોર વાડા બાંધ્યા તો લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી થશે.**

**જો પાંચ થી વધુ ઢોર રાખવા જશે તો લાયસન્સ લેવું પડશે. ૫૦૦ રૂપિયા ભરીને ફરજિયાત લાયન્સ લેવું પડશે લાઇસન્સ**

**ઢોર પકડવાની કામગીરી માં અડચણ ઉભી કરી તો થશે પોલીસ કાર્યવાહી**



**ઢોર ને કારણે કોઈ ને ઇજા કે મૃત્યુ થશે તો પશુ માલિક જ જવાબદાર**

**માલિક પાસે પશુ રાખવા જગ્યા નહિ હોય તો પશુ રાખી નહિ શકે અને તેણે શહેર બહાર પશુઓને લઈ જવાં પડશે.**

નિયમનો ભંગ થશે તો લેન્ડ ગ્રેબિંગ સુધીની ફરિયાદ કરાશે.

આ ઉપરાંત જાહેરનામામાં એમ પણ કહેવાયું છે કે, ઢોરથી કોઈને ઈજા કે મૃત્યુ થાય તો પશુ માલિક જવાબદાર રહેશે. રખડતા ઢોરોને કારણે અનેક લોકો ભોગ બની રહ્યા છે. ત્યારે જો કોઈ ઈજાગ્રસ્ત થાય તો તેની જવાબદારી કોની રહેશે. વડોદરા મ્યુનિ કમિશ્નરના જાહેરનામા બાદ માલધારી સમાજમાં રોષ જોવા મળ્યો છે. માલધારી સમાજના આગેવાન જીવનભાઈ ભરવાડે જણાવ્યું કે, ગુજરાતમાં શરાબના વેચાણ માટે લાઈસન્સ ન લેવું પડે પણ ઢોર રાખવા લાયસન્સ લેવું પડે. સરકાર દ્વારા માલધારી સમાજને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યો છે. હાઈકોર્ટે રોડ રસ્તા સારા રાખવા પણ ટકોર કરી તો પછી ટાર્ગેટ પર ફક્ત માલધારી સમાજ જ કેમ ? અમે બધા કાયદા નિયમો માણવા તૈયાર છીએ.

**બે યુવકોને ઊંઘમાં આવ્યું મોત, સવારે ઉઠ્યા જ નહિ**

## સુરતમાં હાર્ટ એટેકથી ત્રણ વ્યક્તિના મોત નિપજ્યા છે



। સુરત, તા.૨૯ ।

ગુજરાતમાં હાર્ટએટેકથી મોતનો સિલસિલો અટકી નથી રહ્યો. રાજ્યભરમાં યુવાઓ અને આધેડ ઉંમરના લોકોના ચાલતા-ફરતા મોત થઈ રહ્યાં છે. ખાસ કરીને રાજકોટ અને સુરતમાં હાર્ટ એટેકના કિસ્સા ચિંતાજનક રીતે વધી રહ્યાં છે. યુવાઓ જ હાર્ટએટેકના મુખ્ય શિકાર બની રહ્યાં છે. આજે પણ સુરતમાં હાર્ટએટેકથી ત્રણ યુવકોના મોત થયા છે.

સુરતમાં હાર્ટ એટેકથી ત્રણ વ્યક્તિના મોત થયા છે. અમરોલીમાં ૨૩ વર્ષીય યુવક સાહિલ રાઠોડનું હાર્ટ એટેકથી મોત થયું છે. સાહિલ રાઠોડને ઊંઘમાં જ હાર્ટ એટેક આવતા મોત થયુ હોવાનું સામે આવ્યું. તો પાંડેસરામાં ૩૮ વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત થયું છે. ૩૮ વર્ષીય સંજય સહાનીને પણ ઊંઘમાં જ હાર્ટ એટેક આવ્યો હતો. તો વરાછા વિસ્તારમાં મહેશ ખાંબર નામના વ્યક્તિનું હાર્ટ એટેક મોત થયું છે.

વરાછાના મહેશ ખાંબર રાત્રે જમ્યા બાદ ઊંઘમાં જ અચાનક છાતીમાં દુઃખાવો થયો હતો. તેઓને સારવાર અર્થ હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ હોસ્પિટલમાં હાજર તબીબોએ મૃતક જાહેર કર્યા હતા. પોલીસે મૃતદેહને પીએમ અર્થ મોકલી કાર્યવાહી હાથ ધરી છે. પીએમ રિપોર્ટ બાદ મોતનું યોગ્ય કારણ બહાર આવશે.

પાંડેસરમાં ૩૮ વર્ષીય સંજય સહાનીને ઊંઘમાં જ હાર્ટ એટેક આવ્યો હતો. સંજયને કોઈ પણ પ્રકારની ગંભીર બીમારી ન હતી. રાત્રે જમ્યા બાદ ઊંઘમાં જ અચાનક છાતીમાં દુઃખાવો થયો હતો.

**વડોદરાના ગોત્રી વિસ્તારની ઘટના**

## ત્રણ મહિના પહેલા થયેલા ઝઘડાની અદાવતે યુવક પર લોખંડની પાઇપથી હુમલો

**ગોત્રી પોલીસ સ્ટેશનમાં હુમલા કોડ સામે ફરિયાદ નોંધાવી છે, માથામાં લોહી નીકળતા મને સારવાર માટે મારા મિત્રો ભરત અને પાર્થીવ ગોત્રી જનરલ હોસ્પીટલમાં લઈ ગયા હતા.**

। વડોદરા, તા.૨૯ ।

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા એમએસ યુનિવર્સિટીમાં બી.કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને અગાઉ થયેલા ઝઘડા ની અદા વતે રસ્તામાં રોકી લોખંડની પાઈપ વડે હુમલો કર્યો હતો. તેના મિત્રો વચ્ચે છોડાવવા માટે પડતા તેમને પણ માર માર્યો હતો. વિદ્યાર્થીને માથામાં ગંભીર ઈજા થઈ હોવાથી સારવાર માટે ખસેડાયો હતો. ઈજાગ્રસ્ત યુવકે ગોત્રી પોલીસ સ્ટેશનમાં હુમલા કોડ સામે ફરિયાદ નોંધાવી છે

શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા સંસ્કાર નગરમાં રહેતા શ્લોક દિપ લકુમાર શાહ એમ.એસ.યુનિવર્સીટીમાં બીજા વર્ષમાં બી.કોમનો અભ્યાસ કરે છે. વિદ્યાર્થીએ ફરિયાદ નોંધાવી છેકે શુક્રવારે હું તથા મારા મિત્ર ભરત મધુસિંહ મકવાણા તથા પાર્થીવ રસીકભાઇ પરમાર ચા નાસ્તો કરવા માટે ગોત્રી રોડ કિશન કોમ્પલેક્ષ પાસે આશરે દોઢેક વાગે આવેલા અને ચા નાસ્તો કરી ઘરે જતા હતા.તે સમય દરમિયાન ગોત્રી શાક માર્કેટ પાસે ઉચીત પુરબીયાએ મને બુમ મારી ઉભો રાખ્યો હતો અને મને કહ્યું કે તુ ક્યા ગયો હતો અને ક્યા જાય છે તેમ કહી શાક માર્કેટ પાછળ સંજુનગર સામે ખુલ્લા મેદાનમાં આવ તેમ કહેતા અમે ત્રણેય જણા રાત્રીના આશરે બે વાગે ગયા હતા. તે વખતે ઉચીત પુરબીયાએ તુ અમારી સાથે અંબીકાનગર ચાર રસ્તા પાસે ત્રણેક મહીના પહેલા ઓવરટેક બાબતે કેમ બોલાચાલી કરી હતી તેમ કહી લોખંડની પાઈપ મને માથામાં મારી દિધી હતી.જેથી હું બુમાબુમ કરતા ભરત મકવાણા મને છોડાવવા વચ્ચે પ ડતા તેને મોઢા ઉપર લાફો મારી દિધેલ તે વખતે મને માથામાં લોહી નીકળતા મને સારવાર માટે મારા મિત્રો ભરત અને પાર્થીવ ગોત્રી જનરલ હોસ્પીટલમાં લઈ ગયા હતા. જેથી હું બુમાબુમ કરતા ભરત મકવાણા મને છોડાવવા વચ્ચે પ ડતા તેને મોઢા ઉપર લાફો મારી દિધેલ તે વખતે મને માથામાં લોહી નીકળતા મને સારવાર માટે મારા મિત્રો ભરત અને પાર્થીવ ગોત્રી જનરલ હોસ્પીટલમાં લઈ ગયા હતા.

## ગુજરાતી પ્રવાસીઓ માટે સારા સમાચાર, અમદાવાદ થી દીવ સીધી ફ્લાઈટ શરુ

। અમદાવાદ, તા.૨૯ ।

સુંદર દરિયા કિનારો ધરાવતા દીવમાં પ્રકૃ તિ ખૂબ સુંદરતા ભરી છે. છેલ્લા ૬-૭ વર્ષમાં દીવને વધુ સુંદર બનાવવામાં આવ્યુ છે. અહીં સુંદરતાને માણવા માટે ગુજરાતીઓ મોટા પ્રમાણમાં રજાઓ ગાળવા માટે પહોંચે છે. પરંતુ હવે ગુજરાતી પ્રવાસીઓ માટે સારા સમાચાર આવ્યા છે કે, હવે અમદાવાદ થી દીવ માત્ર દોઢ જ કલાકમાં પહોંચી જવાશે. ૨૯ ઓક્ટોબરથી અમદાવાદ થી સીધી ફ્લાઈટ સેવા શરુ થઈ રહી છે. આમ સોમનાથ દર્શન કરવા જતા શ્રદ્ધાળુઓને પણ મોટી રાહત સર્જાશે.

હવે દીવ જનારા પ્રવાસીઓ માટે ખુશ ખબર છે. અમદાવાદથી હવે દીવની ફ્લાઈટ શરુ કરવામાં આવી છે. રવિવારથી દીવ-અમદાવાદ વચ્ચે ફ્લાઈટ શરુ થવા જઈ રહી છે. આમ દિવાળી પહેલા જ દીવ-અમદાવાદ ફ્લાઈટ શરુ કરવામાં આવતા પ્રવાસીઓને મોટો ફાયદો થશે. પ્રવાસીઓને કલાકોનો સમય મોટરમાર્ગે કાપવાને બદલે ઝડપથી દીવ અને અમદાવાદ વચ્ચે મુસાફરી કરી શકાશે. ઈન્ડિગો દ્વારા ૨૯ ઓક્ટોબરથી આ સેવા શરુ કરાનાર છે. એક તરફનુ ભાડુ ૨૪૯૯ રુપિયા રહેશે. દીવ અને અમદાવાદ વચ્ચે માત્ર દોઢ કલાકનો જ હવાઈ સફરનો સમય થશે. આમ અમદાવાદથી સોમનાથ જતા શ્રદ્ધાળુઓને પણ મોટી સરળતા મળી રહેશે. હવે ઓછા સમયમાં અમદાવાદથી સોમનાથ દર્શન કરીને પરત ફરી શકાશે. દીવને હવાઈ સેવા એટલે કે મોટા શહેરોથી ફ્લાઈટ કનેક્ટીવીટી માટે પ્રશાસક પ્રફુલ પટેલે પ્રયાસ કર્યા હતા.

આ ઉપરાંત સુંદર દરિયા કીનારો ધરાવતા દીવનો પણ પ્રવાસ માણી શકાશે. દીવની છેલ્લા ૬-૭ વર્ષમાં કાયાપલટ કરવામાં આવી છે. દીવને વધુ સુંદર બનાવવામાં આવ્યુ છે અને જેને લઈ અહીં પ્રવાસીઓ મોટી સંખ્યામાં રજાઓ દરમિયાન ઉમટી પડે છે. દીવને હવાઈ સેવા એટલે કે મોટા શહેરોથી ફ્લાઈટ કનેક્ટીવીટી માટે પ્રશાસક પ્રફુલ પટેલે પ્રયાસ કર્યા હતા.

## કોરોનાકાળમાં જે લોકોને કોરોનો થયો હોય તેવા લોકોને સખત મહેનતથી દૂર રહેવું

। ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાતમાં હાર્ટએટેકથી મોતનો સિલસિલો અટકી નથી રહ્યો. રાજ્યભરમાં યુવાઓ અને આધેડ ઉંમરના લોકોના ચાલતા-ફરતા મોત થઈ રહ્યાં છે. ખાસ કરીને રાજકોટ અને સુરતમાં હાર્ટ એટેકના કિસ્સા ચિંતાજનક રીતે વધી રહ્યાં છે. યુવાઓ જ હાર્ટએટેકના મુખ્ય શિકાર બની રહ્યાં છે. ત્યારે આ વચ્ચે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાનું મોટું નિવેદન સામે આવ્યું છે. તેઓએ હાર્ટ એટેકથી સતર્ક રહેવાની સલાહ આપતા જણાવ્યું કે, જેને કોરોના થયો હોય તેમને થોડા સમય સુધી સખત પરીશ્રમ કરવાનું ટાળવું જોઈએ. ICMRના અભ્યાસમાં આ વાત સામે આવી છે. હાર્ટ એટેકના વધતા જતા બનાવો અંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ સલાહ આપી છે. ભાવનગર આવેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે જે લોકોને કોવિડની ગંભીર બીમારી હતી, તે લોકો ગંભીર કોવિડથી પીડાતા હોય તેઓએ થોડો સમય સખત મહેનત કરવાનું ટાળવું જોઈએ. થોડો સમય સખત મહેનત ટાળવી પડશે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨